ISSN 0976 – 9609 V-Vidyanagar
વર્ષ: ૨૧ અંક: ૧ જાન્યુઆરી ૨૦૧૯ સળંગ અંક : ૫૬૭

Happy New Year

# વિ-વિદ્યાનગર



चरुतर विद्यामंडल – वल्लभ विद्यानगर
कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in











ચારુતર વિદ્યામંડળ દ્વારા વિદ્યાનગર મુકામે અંદાજે ૨૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ વિંધ્ય અને ગિરનાર હોસ્ટેલનું ભૂમિપૂજન કરતા સીવીએમના પ્રમુખશ્રી પ્રાયસ્વિનભાઈ બી. પટેલ અને અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ બી. પટેલ દૃશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં ચારતુર વિદ્યામંડળના ટ્રસ્ટીશ્રી, કાઉન્સિલ સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ તથા ચરોતર આરોગ્ય મંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળી લી.ના પદાધિકારીશ્રીઓ, ચારૂસેટ યુનિવર્સિટીના મહાનુભાવો, વલ્લભ વિદ્યાનગર નગર પાલિકાના પ્રતિનિધીશ્રીઓ તથા વલ્લભ વિદ્યાનગરના નગરજનો દૃશ્યમાન થાય છે.

વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જાન્યુઆરી - ૨૦૧૯

વર્ષ: ૨૧ અંક: ૧

સળંગ અંક: ૫૬૭

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते





તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

આણંદ પ્રેસ, ગામડી- આણંદ

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ

ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ

શ્રી આર.સી. તલાટી• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ

ડાયરેક્ટર જનરલ

ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' www.vvidyanagar.co.in પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**स्वायत्त मेकान्तगुणं विधात्रा विनिर्मितं छादनमज्ञतायाः।**
**विशेषतः सर्वे विदां समाजे विभूषणं मौनमपण्डितानाम्॥**

મનુષ્યને પોતાને જ અધીન એવા માત્ર ગુણયુક્ત મૌન ને વિધાતા એ અજ્ઞાનના આચ્છાદન તરીકે સર્જ્યું છે તે મૌન ખાસ કરીને વિદ્વાનની મંડળીમાં મૂર્ખાઓનું આભૂષણ છે.

(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

માનુષ જનમ દુર્લભ હૈ, હોઈ ન બારંબાર,
પાકા ફલ જો ગિરિ પડા, બહુરિન લાગૈ ડાર.

- કબીર

(અમીઝરણામાંથી સાભાર)


॥ કુલપતિની કલમે ॥
Education in India during Mughal Period
• Dr. Bhavesh Patel 3
॥ પ્રાથમ્ય ॥ સદ્‌વિચારનો ચમત્કાર
• એસ.જી. પટેલ 5
॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
દાસી જીવણ 7
॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
આ જંગ તમને સોંપું છું!
• સ્વામી વિવેકાનંદ 8
॥ નવાં કાવ્યો ॥ પરબતકુમાર નાયી, હિરેન સોની, આબિદ ભટ્ટ 9
॥ ચિંતન ॥ ભારતીયતા એલે શું?
• નરેશ વેદ 10
॥ લઘુકથા ॥ પીંજરું
• હરિત પંડ્યા 13
॥ અભ્યાસ ॥ ઈશાવાસ્ય
• જી એન. ગઢવી 14
॥ નિબંધ ॥ ક્યાં છે મારું એ ઘર?
• ભગીરથ બ્રહ્મભટ્ટ 19
॥ અભ્યાસ ॥ સંસ્કૃત કથા સાહિત્યમાં શૈક્ષણિક....
• લલિતકુમાર પટેલ 21
॥ અભ્યાસ ॥ વિશ્વવિદ્યાલય ગ્રંથપાલઃ માહિતી....
• જિગ્નેશ મકવાણા 25
॥ શિક્ષણ ॥ Digital Valuation System......
• Paresh R. Modha 30
॥ વિદ્યાવૃત્ત ॥ 18,20,29,31,32

# Education in India during Mughal Period

**Dr. Bhavesh Patel**

In the last article we outlined the ancient education system in the Vedic period in India. It was based on Indian ethos. It grew from a very personalised to organised education system over the long period.

During the medieval period, India was ruled by dynasties of Muslim culture and religion. First Arabian Muslims came to India in 8th century, but their rule was established much later in 1172 by Muhammad Ghori. The original Muslim rule was then replaced by Muslim Pashtuns and Mughal. Mughal era started with arrival of Babur (1526) and continued through Humayun, Akbar, Jahangir, Shah Jahan, Aurangzeb, Bahadur Shah I, Mohammad Shah and Shah Alam II only to end with Bahadur Shah II in November 1862.

Most Mughal rulers had taste for art and literature. Therefore, during Mughal period education system in India went through a transformation, making room for literature and art while bringing the strong shade of Persian language, blended with their culture. Initially, education was the privilege of only a few khaspeople, but lateron Sher Shah Suri, who rules India when Humayun was in exile, made provision for the education for all.

Over a period, Mughals developed two types of education institutions; maktab(elementary school) and a madrasa (institution of higher learning). The content of education imparted in these schools was not the same throughout the country.

Akbar was not much educated, but he encouraged scholarship. He brought secular bias to the education system and laid focus on elementary education. He was against rote learning and emphasized that a student must learn to understand the subject and that the teacher may just show a path for learning. Akbar understood wealth in Sanskrit work. To get benefit from that opened up Madrasas for Hindus for their studies. The liberal education during Akbar period produced many Hindu scholars, who translated many Sanskrit work into Persian.

Akbar introduced several subjects of importance. In the Ain-i-Akbari, Abul Fazl has given a list in “Education and Learning in Mughal India: A Critical Study of Colonial Perceptions”of subjects taught in schools. Theology and ethics, history and politics, accounting and arithmetic, mensuration and agriculture, engineering and astronomy, domestic science and medicine, logic and philosophy, physical and mechanical sciences, geometry, economics, grammar, law, physics and geography were added to the curriculum. They also studied Hindu ideology and religious philosophy (Vedant), Sanskrit grammar (Viyakran) and Hindu mysticism (Patanjali). There was also stress on vocational subjects as the belief was that the people should not neglect those sub-

jects which in their daily lives proved useful.

Jahangir contributed in the education by repairing several existing institutions. He also enacted a rule to confiscate the property of people who die without any heir and spend the proceeds on the construction and maintenance of educa¬tional institutions.

Aurangzeb, the last great Mughal Emperor, had love for education, but he was orthodox and through the act and funding he focused on education for Muslims only.However, he made amendments to make education practical and useful.

Many researchers observed that there was a good spread of education during Mughal period. One estimate is that there was a ratio of one elementary school to every 400 persons or for every 73 school-going-age children, in spite of the limited facilities. This ratio compares favourably with any country in the world.However, girls received their education at home or in house of some teacher living in close proximity. There was a special arrangement for the education of ladies of the royal households.

However, researchers also found that towards the end Mughal period education failed to impart the qualities of leadership to the students. The system lacked resilience and had become much too rigid and non-creative. However, the system was effective in supplying outstanding personali¬ties in the different walks of life, which the later Mughals needed so badly.

Bhavesh Patel, Ph. D.
Kulpati
Charutar Vidya Mandal

-------------

This article is an extract and compilation of the following sources:

Anjum, Faraz (2018). Education and Learning in Mughal India: A Critical Study of Colonial Perceptions. Journal of the Research Society of Pakistan. Volume No. 55, Issue No. 1. January – June.

Mukerji, S. N. https://www.britannica.com/topic/education/The-Mughal-period. accessed on 6th December 2018.

P., Purnima. Education during the Mughal Period in India: http://www.historydiscussion.net/history-of-india/mughal-empire/education-during-the-mughal-period-in-india/6211 accessed on 6th December 2018.

Aslam, Tahseen Mahmood. Education in Mughal Empire.http://www.theweekender.com.pk/education-in-mughal-empire/. April 21, 2018. Accessed on 6th December 2018.

## સદ્વર્તનનો ચમત્કાર

**એસ.જી. પટેલ**

આપણને કેટલીકવાર પ્રશ્ન થાય છે કે આપણે જે સમાજમાં રહીએ છીએ તેમાં સભ્યતાની માત્રા કેટલી? સભ્યતા સંદર્ભે આપણો ખ્યાલ કેવો હોઇ શકે? સભ્ય સમાજના લક્ષણો કેવા હોઇ શકે? સામાન્ય રીતે કોઇ વ્યક્તિ તોછડાઇપૂર્વક વર્તન કરે, બીજાઓ સાથેની ગેરવર્તણૂંક કરે તો આપણે સભ્યતાપૂર્વક વર્તવાનું કહેતા હોઇએ છીએ. વળી, જાહેરમાં થૂંકવું નહીં, બીનજરૂરી ઘોંઘાટ કરવો નહીં, કોઇની સાથે અણછાજતું વર્તન કરવું નહીં, અપશબ્દો બોલવા નહીં... વગેરે બાબતોને આપણે સભ્યતાની નિશાની તરીકે સ્વીકારીએ છીએ.

સુજ્ઞ સમાજમાં 'સભ્ય પુરુષ'ને સજ્જન તરીકે ઓળખીએ છીએ. તેઓ હેતુપૂર્વક સામી વ્યક્તિની લાગણી સાચવવા સજાગ હોય છે, બીજાઓ સાથે સંયમપૂર્વક વ્યવહાર આચરતા હોય છે. સભ્યતાનો સંબંધ આપણે સૌ એકબીજા સાથે કેવો વ્યવહાર કરીએ તે સાથે જરૂર છે પરંતુ સાચી સભ્યતા ઉપરછલ્લી રીતભાત કરતાં અનેકગણી વધુ સંકુલ અને ગહન છે. સાચી સભ્યતા એ જાગૃતિપૂર્વક પ્રેરાયેલાં, સંગઠન સાપેક્ષ વ્યવહાર અને વર્તણૂક છે એમ કહી શકાય. સભ્યતા માટે સભાનતા જરૂરી છે. તેટલું જ નહીં પણ આ સભાનતા અલગ અલગ સ્તરે હોવી જરૂરી છે. સ્વ પ્રત્યે, અન્ય મનુષ્યો પ્રત્યે, સંગઠન સાપેક્ષે અને ઇશ્વર પ્રતિ. જેમ સભ્યતા સભાનતા કે જાગૃતિ સાથે સંબંધિત છે.

જ્યારે જ્યારે પણ બે કે વધુ વ્યક્તિઓ કોઇપણ રીતે સંબંધમાં આવતી હોય ત્યારે સંગઠનની રચના થતી હોય છે.એક પુરુષ અને એક સ્ત્રી સંબંધિત થાય ત્યારથી જ સંગઠનનો આવિર્ભાવ થાય છે. આપણે સૌ માત્ર કુટુંબરૂપી સંગઠનમાં જ નહીં, પણ દેશ યા સમાજરૂપી સંગઠનમાં પણ જન્મ લઇએ છીએ. ત્યાર પછી આપણે વ્યવસાય તેમજ અન્ય હેતુઓ માટે બીજા સંગઠનોમાં જોડાઇએ છીએ. આ રીતે રચાયેલ માનવ સંગઠનોની કેટલીક લાક્ષણિકતાઓ અને મર્યાદા હોય છે. દરેક સંગઠન પાછળ કોઇ એક વિચાર હોય છે, જેના પ્રચાર અને પ્રસાર માટે જે તે સ્થાપક વ્યક્તિઓ એકલે હાથે કંઇ કરી શકે નહીં તે માટે અનેક વ્યક્તિઓનો સાથ લઇ સંગઠનની ભૂમિકા સર્જાય છે. સંગઠનની શક્તિ તેના સભ્યોની વ્યક્તિગત શક્તિના સરવાળા કરતાં અનેકગણી વધી જાય છે. પરિણામે સંગઠનમાં જોડાનાર વ્યક્તિ જ્યારે પોતાની શક્તિઓનો સકારાત્મક ઉપયોગ કરે ત્યારે સંગઠનનો વિકાસ અને વૃદ્ધિ થાય છે અને એ વ્યક્તિ આત્મસંતોષ પામે છે. આવા પ્રલોભનને કારણે કેટલાક સભ્યોને મહત્ત્વના હોદ્દા પર પહોંચવાની મહત્ત્વકાંક્ષા ઊભી થાય છે. સંગઠનમાં એક કરતાં વધારે લોકોની ચેતનાઓ જોડાય છે. આવા સંબંધો ગતિશીલ અને વિકાસશીલ હોય છે.

સામાન્ય રીતે સંગઠનોમાં બે પ્રકારનાં સત્તાસ્થાનો હોઇ શકેઃ રાજકીય સત્તા અને આધ્યાત્મિક સત્તા. રાજકીય સત્તા ધરાવનારાઓમાં ધન અને સ્થાન મેળવવામાં હરીફાઇ જામે છે. તેઓ લોકો પર પ્રભાવ જમાવવા મોટી મોટી વાતો કરી લોકોને લલચાવે છે. અથવા ધમકીભર્યા શબ્દો દ્વારા ભયનું વાતાવરણ સર્જે છે. આવી સત્તાથી પ્રાપ્ત કરેલ ધન કે સ્થાન અલ્પજીવી એટલે કે ક્ષણભંગુર હોય છે. તેમાં શાણપણ અને પરોપકારની ભાવના સ્વાર્થયુક્ત હોય છે. તેથી તેનો ઉપયોગ મહત્ત્વકાંક્ષા સંતોષવામાં થાય છે. આધ્યાત્મિક સત્તા ધરાવનારા હંમેશા પોતાના શુદ્ધ અને દિવ્ય ચારિત્ર્ય દ્વારા લોકો પર પ્રભાવ સર્જે છે. તેમની આંતરિક શક્તિઓ દ્વારા, પોતાની જીવનશૈલી, માયાળુપણું, રમૂજ, શાણપણ અને પ્રેમથી અન્ય મનુષ્યો પર સત્તા ઊભી કરે છે. તેમનામાં નમ્રતા, સત્યતા, પવિત્રતા, ધૈર્ય અને મધુરતા સવિશેષ જોવા મળે છે. પ્રજાહિત માટે રાજકીય સત્તા માત્ર પૂરતી નથી. જેઓ શુદ્ધ બુદ્ધિ અને હૃદયથી નિર્ણયો લેવા સક્ષમ છે અને આધ્યાત્મિક શક્તિની સત્તા ધરાવે છે તેઓ જ રાજકીય સત્તાસ્થાનો સંભાળે તે સમાજહિત માટે અનિવાર્ય અને આવશ્યક છે. આધ્યાત્મિક સત્તા એ લોકો પર જબરજસ્તીથી પ્રભાવ ઊભો કરવાની શક્તિ નથી, પણ મહત્તમ સભાનતાથી નિર્ણય લઇ શકવાની ક્ષમતા છે. આધ્યાત્મિક વિકાસનો રાહ તે સતત, આજીવન, શીખતાં રહેવાનો રાહ છે. જે મનુષ્યો આધ્યાત્મિક રીતે સુવિકિસત હોય, તેઓ જીવન જીવવાની કળાના નિષ્ણાત હોય છે.

એક ધાર્મિક સંગઠન, જે ક્યારેક વિશ્વભરમાં નામાંકિત હતું, તે લુપ્ત થવાને આરે આવીને ઊભું હતું. ૧૭મી અને ૧૮મી સદીના ધાર્મિક સંપ્રદાયો વિરુદ્ધ જનજાગૃતિનાં મોજાં અને ૧૯મી સદીમાં ધર્મ નિરપેક્ષતા અને બિનસાંપ્રદાયિકતાના ઉદય સાથે આ ધાર્મિક સંગઠનની બધી જ શાખાઓ અત્યંત ક્ષીણ થઇ ગઇ હતી. તેના મુખ્ય મથકમાં ફક્ત ૭૦ વર્ષ ઉપરની વયના તેના મઠાધિપતિ અને બીજા જ સાધુઓ શેષ રહી ગયા હતા. દેખીતી રીતે જ આ મૃત્યુને આરે આવીને ઊભેલું સંગઠન હતું.

આ મઠની આસપાસના ઘનિષ્ઠ જંગલમાં એક નાનકડી ઝૂંપડી હતી, જેનો ઉપયોગ નજીકના શહેરમાં રહેતો એક જોગી વારંવાર પોતાના એકાંતવાસ માટે કરતો હતો. વર્ષોની સાધનાને કારણે વૃદ્ધ સાધુઓ જ્યારે પણ આ જોગી ઝૂંપડીમાં એકાંતવાસ માટે આવે ત્યારે પોતાની દિવ્યશક્તિથી મઠમાં બેઠે બેઠે જાણી શકતા હતા. પોતાના સંગઠનના પતનથી સ્વાભાવિક રીતે વિષાદગ્રસ્ત સાધુઓને આ જોગીના આગમનની ખબર પડતાં તેઓને જોગીની સલાહ લઇ જોવાનું મન થયું- કદાચ કોઇ રીતે તેમના સંગઠનના પતનને અટકાવી ફરી તેને પ્રગતિને પંથે લઇ જઇ શકાય.

તેથી મઠાધિપતિએ જોગીને મળવા જવું તેવું નક્કી થયું. સાધુઓનો આ વડો જોગીની ઝૂંપડીએ પહોંચ્યો ત્યારે જોગીએ તેને આવકાર આપ્યો. મઠાધિપતિએ પોતાની સમસ્યાનું વર્ણન કર્યું કે તરત જ જોગીએ તેમાં સૂર પૂરાવ્યો, ''આવી પરિસ્થિતિના અનુભવમાંથી હું પણ પસાર થયો છું. મારા શહેરમાં પણ આજ

હાલત છે. અમારે ત્યાંના ઉપાસના-સ્થાનોમાં પણ લગભગ કોઇ આવતું નથી''. બંને વૃદ્ધો એકમેક પ્રત્યેની સહાનુભૂતિથી અને નિરાશાજનક પરિસ્થિતિથી ગદ્‌ગદ્ થઇ ગયા. લાંબા સમય સુધી તેમણે એકબીજા સાથે ધીમા સાદે ગંભીર બાબતો હૃદયપૂર્વક વહેંચી.

છેવટે વડા સાધુના પાછા ફરવાનો સમય થયો ત્યારે બંને ઊભા થઇ ફરી ભેટ્યા. વૃદ્ધ મઠાધિપતિએ કહ્યું, ''કેટલાં વર્ષો પછી તમને મળ્યો. મને ખૂબ ખુશી થઇ. પણ જો કે મારા અહીં આવવાનો હેતુ સિદ્ધ ન થયો. મારા સંગઠનને બચાવી શકાય તે માટે તમે શું મને કોઇ જ સલાહ આપી શકો તેમ નથી?''

''ના, હું ખરેખર ખૂબ દિલગીર છું'', જોગીએ કહ્યું. ''હું કોઇ જ સલાહ આપી શકું એમ નથી. હું જે એક માત્ર બાબત કહી શકું તેમ છું તે એ છે કે તમારામાંથી જ કોઇ સાક્ષાત્ ઈશ્વરનું સ્વરૂપ છે.''

આ વડો સાધુ જેવો તેના મઠમાં પાછો ફર્યો કે તેના મઠના અન્ય સાધુઓ તેને ઘેરી વળ્યા અને જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું, ''આપણા માટે જોગીએ શું કહ્યું? શું સલાહ આપી? મઠાધિપતિએ કહ્યું, ''તે આપણને મદદ ન કરી શક્યા. અમે સાથે મળીને ઘણી વાતો કરી, સાથે અશ્રુ વહાવ્યાં, થોડું સહપઠન કર્યું. બસ! હા, હું જ્યારે તેમની રજા લઇ રહ્યો હતો ત્યારે ખૂબ ગૂઢ રીતે તેમણે ફક્ત એટલું જ કહ્યું કે આપણામાંથી જ કોઇ એક સાધુ સાક્ષાત્, ઈશ્વરનું સ્વરૂપ છે. પણ તેઓ ખરેખર શું કહેવા માગતા હતા તેનો અર્થ હું સમજી નથી શક્યો.''

બધા સાધુઓ વિચારમાં પડી ગયા આ બીના બાદ દિવસો, હપ્તાઓ અને મહિનાઓ દરમ્યાન મઠના આ પાંચેય વૃદ્ધ સાધુઓ જોગીના શબ્દો પર ઊંડું ચિંતન-મનન કરતા ચાલ્યા. જોગીના કહેવા પાછળનો અર્થ શું હશે? ''આપણામાંથી જ એક સાક્ષાત્ ઈશ્વરનું રૂપ છે તેનો અર્થ શું? શું ખરેખર તેમના કહેવાનું તાત્પર્ય આપણા પાંચમાંથી જ એક ઈશ્વર છે. તેવું હશે? જો હા, તો કોણ? શું તેમના કહેવા પ્રમાણે મઠાધિપતિ ઈશ્વર હશે? જો તેમણે કહ્યું તે ખરેખર સાચું હોય તો તો મઠાધિપતિ જ ઈશ્વર સ્વરૂપ હોવા જોઇએ, કારણ કે તેમણે એક પેઢીથી પણ વધુ આપણા સંગઠનનું નેતૃત્વ કર્યું છે.''

''પણ તેમનો સંકેત સાધુ પ્રકાશાનંદ તરફ પણ હોઇ શકે. ખરેખર સાધુ પ્રકાશાનંદ કેટલા પવિત્ર છે તે બધા જાણે જ છે ને! કે પછી તેમનો નિર્દેશ સાધુ સત્યાનંદ તો ન હોઇ શકે? આમ તો સત્યાનંદજી ક્યારેક ક્યારેક એટલા કઠોર થઇ જતા હોય છે. પણ કદાચ તેઓ હોઇ શકે, કારણ કે સત્યાનંદજી ભલે કઠોર વાતો કહેતા હોય, પણ જ્યારે પાછળથી વિચાર કરીએ ત્યારે તેઓ લગભગ સાચા જ હોય છે.''

''....પણ સાધુ પ્રેમાનંદ તો ન જ હોઇ શકે. તેઓનું તો જાણે અહિં અસ્તિત્વ જ ન હોય તેટલા તેઓ નિષ્ક્રિય છે. હા, એ સાચું છે કે આપણને જ્યારે જરૂર હોય ત્યારે અચાનક કોઇ રહસ્યમય રીતે એ આપણી પડખે આવીને ઊભા રહી જાય છે. કદાચ તેઓ જ ઈશ્વર સ્વરૂપ છે તેવું જોગીનું કહેવું હશે?''

''અલબત્ત, જોગીના કહેવાનો અર્થ હું તો નહીં જ હોઉં, હું તો કેટલો સામાન્ય મનુષ્ય છું. હું ઈશ્વરનું સ્વરૂપ છું તેવું તેઓ કહે તે સંભવ જ નથી. પણ, કદાચ, કદાચ તેમણે મને જ ઈશ્વરસ્વરૂપ કહ્યો હોય તો....? હું સાક્ષાત્ ઈશ્વર સ્વરૂપ...?! ઓહ, મારા ભગવાન! એ તો શક્ય જ નથી. હું એટલો બધો ભાગ્યશાળી, એટલો બધો મૂલ્યવાન હોઇ શકું ખરો?... પણ હોઉં જ તો...?''

આમ વિચાર-ચિંતન-મનન કરતાં કરતાં પાંચેય વૃદ્ધ સાધુઓ એકમેક સાથે અતિશય કાળજી અને આદરપૂર્વક વ્યવહાર કરવા માંડ્યા. કદાચ તેમના પાંચમાંથી ખરેખર જ કોઇ સાક્ષાત્ ઈશ્વરનું સ્વરૂપ હોય તેમ માનીને! અને કદાચ, તેઓ પોતે જ સાક્ષાત્ ઈશ્વરનું સ્વરૂપ હોય તેવી, ભલે ગમે તેટલી અકલ્પ્ય લાગતી પણ સંભાવના સાચી હોઇ શકે તે ખ્યાલે તેઓએ દરેકે પોતપોતાની સાથે પણ આદરપૂર્વક વ્યવહાર શરૂ કર્યો.

તેઓ જે જંગલમાં રહેતા હતા તે એટલું સુંદરતાસભર શાંતિપ્રદ હતું કે લોકો હજુ પણ મઠના પ્રવાસે આવતા હતા, તેના નાનકડા બગીચામાં બેસી ઉજાણી મનાવતા હતા. તેની આસપાસની કેડીઓ પર ચાલવા નીકળતા હતા અને ક્વચિત્ નાદુરસ્ત હાલતમાં મંદિરમાં પ્રણામ-પ્રાર્થના-ધ્યાન માટે પણ જતા.

પણ હવે આમ કરતાં કરતાં તેમણે વાતાવરણમાં કાંઇક અજીબ પરિવર્તન અનુભવ્યું, તેઓ આ બાબતે સભાન નહોત. પણ પાંચેય સાધુઓના પોતપોતાના અને એકમેક પ્રત્યેના આદરનાં વલયોનો જાદુ તેમણે અનુભવ્યો. આ વલયોનું તેજ જાણે સાધુઓમાંથી નીકળી આસપાસના વાતાવરણને દિવ્યતાથી તરબોળ કરી દેતું હોય તેમ લાગતું. કાંઇક ખબર ન પડે, સમજાય નહીં તેવું કશુંક આકર્ષણ આ વાતાવરણમાં હતું. તેમને પોતાને ખબર પણ ન પડે તેમ લોકોએ વારંવાર મઠમાં ઉજાણી કરવા, આનંદ-પ્રમોદ કરવા કે પ્રાર્થના પૂજા કરવા આવવા પસંદ કરવા માંડ્યું. વળી, આ વિશિષ્ટ સ્થળને બતાવવા તેમના મિત્રોને પણ સાથે લાવવા માંડ્યા. તેમના મિત્રો વળી પાછા તેમના પણ બીજા મિત્રોને આ સ્થળે લાવવા લાગ્યા.

પછી એમ થયું કે ધીમે ધીમે આ જ મઠના પ્રવાસે આવેલા કેટલાક યુવાનોએ વૃદ્ધ સાધુઓ સાથે પ્રથમ ઔપચારિક અને બાદમાં વધુ અને વધુ વાતો કરવી શરૂ કરી. થોડા સમય પછી તેમાંના એક યુવાને સાધુઓને પૂછ્યું કે શું પોતે પણ તેમની સાથે જોડાઇ શકે? થોડા સમય પછી વળી બીજા કોઇકે પણ પૂછ્યું. આમ સિલસિલો ચાલતો ગયો. થોડાં વર્ષોમાં જ આ મઠ અને સંગઠન ફરી આધ્યાત્મિકતાનો પ્રકાશ ફેલાવવાના મહત્ત્વના સંદેશાવાહક બની ગયા.

પેલી જોગીની નાનકડી ભેટના પ્રતાપે....!!!

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)

**અજવાળું રે મારે અજવાળું ગુરુજી!**
**તમ આવ્યે મારે અજવાળું....**

અજવાળું રે મારે અજવાળું
ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું...
સતનો શબદ જ્યારે શ્રવણે સુણાયો
ભીમ ભેટયા ને ભાંગ્યું ભ્રમણાનું તાળું...
- ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું....૦
જ્ઞાન ગરીબી સંતની સેવા રે,
પ્રેમ રે ભગતિનો પંથ હવે પાળું....
- ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું....૦
ખીમ ને ભાણ રવિ રમતા છે રામા,
તેજ તત્ત્વમાં ગુરુ તમને હું ભાળું....
- ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું....૦
દાસી જીવણ સત ભીમ કેરે શરણે રે,
અવર દૂજો હવે ધણી નહીં ધારું....
- ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું....૦

**પ્રેમ ચંદણનાં ઝાડવાં મારી દેયમાં રોપ્યાં રે....**

પ્રેમ ચંદણનાં ઝાડવાં, બાયું! અગર ચંદણનાં ઝાડવાં,
મારી દેહીમાં રોપ્યાં રે, માવાની મોરલીયે મારા મનડાં હેયાં રે...
મનડાં હેયાં ને ચિતડાં ચોર્યા, મોરલી વાળે રે...
- માવાની મોરલીયે....૦
આંસુડે ભીંજાય કંચવો, બેની! મારો આંસુડે ભીંજાય કંચવો,
ભીંજાય આછાં ચીર રે....
- માવાની મોરલીયે....૦
માવો માવો શું કરો ? બાયુ ! માવો માવો શું કરો ?
માવો મોરી પાસ રે...
- માવાની મોરલીયે....૦
મનડું મારૂં તલખે, માવા ! દલડું મારું તલખે,
ઘરબાર ધોળ્યાં જાય રે...
- માવાની મોરલીયે.....૦
દાસી જીવણ ભીમના શરણાં, આજ લ્હેરમ લ્હેરાં રે...
- માવાની મોરલીયે.....૦

**રામ ભજ મન ! રામ ભજી લે, પ્રભુ ભજી લે પ્રાણિયા...**

રામ ભજ મન ! રામ ભજી લે, પ્રભુ ભજી લે પ્રાણિયા,
પ્રભુ ભજ્યા તે પાર ઊતર્યા, ચૌદ લોકે જાણિયા...
- રામ ભજ મન, રામ ભજી લે...૦
માયા મદની ઓરડીમાં, કોક વિરલા રહી જાણિયા,
ખાદી પીધીને ખૂબ ખરચી, દિલમાં દાગ ન આણિયા....
- રામ ભજ મન, રામ ભજી લે....૦
મૂરખે માયા ભેળી કીધી, દાટી બેઠો દાણિયા,
મરણ વેળાએ કામ ન આવી, અવગતે તો આણિયા...
- રામ ભજ મન, રામ ભજી લે...૦
મોહ માયા એ બહુ બાંધી લીધો, એમાં પ્રભુને ન ભજાણિયા,
ભૂંડી વેળાના ભૂત સરજયાં અવગતે ઇ માણિયા...
- રામ ભજ મન, રામ ભજી લે...૦

**રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ**

રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ,
ગરીબ સંતોની લાજ રે તારા, લાલન સંતોની લાજ...
ઊંડા રે જળમાં ગજ ગ્રહાયો, ગોવિંદા ! તેં કીધી'તી એની વ્હાર,
ઝુડ મારીને કટકા કીધા, વ્હાલા! ઉગાર્યો ગજરાજ...
- રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦
નિંભાડામાંથી બચલાં ઉગાર્યા, બિલાડી કેરાં બાળ,
પ્રહલાદ કારણ થંભ ધગાવ્યો, તરત ઠાર્યો મહારાજ...
- રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ....૦
કોલવા માથે કરુણા કીધી, તમે મહેર કરી મહારાજ,
દેવળ ફેરવી દર્શન દીધાં, વહેલા પધાર્યા બહાર...
- રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...
રાવ સાંભળી ચડયા રામદે સ્થિર તો કીધાં એનાં જહાજ,
ઇ વિશ્વાસે વાણિયો વળગ્યો'તો, બુડતાં તાર્યા એનાં વ્હાણ....
- રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ....૦
કુંભો છેતરવા આવ્યો રે ચારણ, કુંભે કીધા સન્માન,
કુંભા માથે મહેરું કીધી, મંદિરે મંદિરે મહારાજ...
- રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ....૦
દાસી જીવણ સંતો ભીમ ને શરણે, અહાલેક કર્યો આરાધ,
દાસી માથે કરૂણા કરી તમે, દર્શન દેજો મહારાજ....
- રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ....૦

**અમારા અવગુણ રે ગુરુજીમાં ગુણ તો ઘણા....**

અમારા રે અવગુણ રે ગુરુજીના ગુણ ઘણા રે જી ;
ગુરુજી ! અમારા અવગુણ સામું મત જોય...
- અમારામાં અવગુણ રે...૦
ગુરુજી મારો દીવો રે ગુરુજી મારો દેવતા રે જી ;
ગુરુજી મારા પારસમણીને રે તોલ...૦
- અમારામાં અવગુણ રે....૦
ગુરુજી મારા ગંગા રે, ગુરુજી મારા ગોમતી રે જી ;
ગુરુજી અમારા કાશી અને છે કેદાર....
- અમારામાં અવગુણ રે...૦
ગુરુ મારા ત્રાપા રે, ગુરુજી મારા તુંબડાં રે જી ;
ઇ તુંબડીએ અમે ઊતરિયે ભવપાર....
- અમારામાં અવગુણ રે....૦
જાળીડાં મેલાવો રે ગુરુ ગમ જ્ઞાનનાં રે જી;
ઇ જાળીડાં જરણાં માંહેલો છે જાપ...
- અમારામાં અવગુણ રે....૦
ભીમ ગુરુ શરણે રે દાસી જીવણ બોલીયા રે જી ;
દેજે અમને સંતચરણમાં વાસ...
- અમારામાં અવગુણ રે....૦

**દાસી જીવણ (પાંચેય રચનાઓ)**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

## આ જંગ તમને સોંપું છું !

**સ્વામી વિવેકાનંદ**

ઓહ ! ભારતમાં આપણે ગરીબો વિશે કેવા ખ્યાલ રાખીએ છીએ, તેનો વિચાર કરતાં મારા હૃદયમાં શી શી વેદના થતી હતી ! પોતાના વિકાસ માટે તેમને કોઈ તક મળતી નથી. ભારતમાં ગરીબોને મિત્રો કે મદદ મળતાં નથી. ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ તેઓ ઊંચે ચડી શકતા નથી, દિનપ્રતિદિન નીચે ને નીચે ઊતરતા જાય છે. ક્રૂર સમાજે વરસાવેલા ફટકા તેમને વાગે છે, પણ એ ક્યાંથી આવે છે તેની તેમને ખબર નથી. પોતે મનુષ્ય છે એ હકીકત પણ તેઓ ભૂલી ગયા છે ! આ બધાંનું પરિણામ ગુલામી.

હિંદુ ધર્મ જેટલા ઉચ્ચ સ્તરે પૃથ્વી ઉપર બીજા કોઈ ધર્મે મનુષ્યના ગૌરવનો પોકાર કર્યો નથી; અને છતાં પૃથ્વી ઉપર અન્ય કોઈ ધર્મે હિંદુ ધર્મની જેમ નીચલા વર્ણો પર જુલમ ગુજાર્યો નથી. આમાં દોષ ધર્મનો નથી; દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની અશક્તિનો, સહાનુભૂતિ અને પ્રેમના અભાવનો.

મારા હૃદય ઉપર આ બોજો ધારણ કરીને બાર બાર વરસ સુધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોને ઘેર ઘેર ધક્કા ખાધા છે. સહાયની શોધમાં, લોહીનીંગળતા હૃદયે, અરધી દુનિયા ઓળંગીને હું આ પરદેશની ભૂમિ ઉપર આવેલો છું. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય; પણ અજ્ઞાની અને દલિતો કાજેનો આ જંગ હું તમને વારસામાં સોંપું છું. અત્યારે આ પળે જ ભગવાન પાર્થસારથિના મંદિરમાં જાઓ અને ગોકુળના દીન ગોવાળિયાઓના જે મિત્ર હતા, જેણે અંત્યજ ગુહકને ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, અને જેણે બુદ્ધાવતારમાં કુલીનોનાં આમંત્રણ ઠેલીને એક વેશ્યાનું નિમંત્રણ સ્વીકારેલું અને તેને તારી હતી, એવા પ્રભુ આગળ તમારું શિર નમાવો; તથા જેમને માટે એ પ્રભુ ફરીફરીને અવતાર ધારણ કરે છે એવા અધમ અને દલિતો માટે સમસ્ત જીવનનું બલિદાન આપો ! દિનપ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતા જતા આ કરોડો લોકોની મુક્તિ માટે આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો !

આ એક દિવસનું કાર્ય નથી, અને તેનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે. પણ આપણે જાણીએ છીએ કે ભગવાન આપણા સારથિ થવાને તૈયાર છે. તેમનામાં શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર ખડકાયેલી વિપત્તિઓના પહાડને સળગાવી મૂકો. બંધુઓ! આ કાર્ય વિરાટ છે અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ. આપણે સફળ થશે જ. આ જંગમાં સેંકડો ખપી જશે, પણ બીજા સેંકડો એ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે.

કહેવાતા ધનિકો અને મોટા માણસો પ્રત્યે મીટ માંડો નહીં. હૃદયહીન બુદ્ધિજીવી લેખકો અને તેમના ઠંડે કલેજે લખાયેલા છાપાંના લેખોની પરવા કરો નહીં. આગળ ધપો, પ્રભુ આપણો સેનાપતિ છે. કોણ પડયું તે જોવા પાછું વળીને નજર નાખશો નહીં. આગળ ને આગળ ધસો, બંધુઓ ! ભૂખ અને ટાઢ કંઈ જ નથી, મૃત્યુ પણ કંઈ નથી, જીવન કંઈ નથી. આ જ રીતે આપણે આગેકૂચ કરશું. પ્રભુનો જયજયકાર હો!

('અરધી સદીની વાચનયાત્રા' માંથી સાભાર)

### જોજો, જગતના રંગ પલટાશે!

**કરસનદાસ માણેક**

શું જોઈએ છે, જે માગો તે બધું હાજર કરી દઈશું;
ખીસાં ખાલી જે વરસોથી છલોછલ તે ભરી દઈશું,
હુકમ કરશો તો આભેથી ઉખેડી ચાંદ ને સૂરજ
મુબારક આપનાં કદમો મહીં ઝટપટ ધરી દઈશું!

વચન છેઃ અન્નના ડુંગરો કરી દઈશું ઊભા પળમાં,
જશે જેનાં શિખર પહોંચી ઉંચેરા આભ-વાદળમાં;
અને ઘી-દૂધ? શી ચિન્તા! કરામત એવી અમ પાસે,
સરિતાઓ થશે વે'તી એ બન્નેની સ્થળેસ્થળમાં!

નથી રહેવાને ઘર? તંગી મકાનો કેરી સાલે છે?
ફિકર નહિ! જોઈશું, જાલિમ જમાનાનું શું ચાલે છે!
અરે સિંહાસનો ઉપર ચરણ મૂકવા તો દ્યો, યારો!
પછી જોજો કે મહેલોમાં પ્રજા કેવી મહાલે છે!

જણાયે ખેંચ કાપડની? તસુ સુતર ન સાંપડતું?
કલાકો તાપમાં નાહક તવાવું આપને પડતું!
બદી એ આપદા ટળશે : થશે રેશમ-મયી ધરતી,
નથી જ્યાં પાણકોરું ત્યાં થશે મલમલ સદા ફરતું!

અરે, નાહક દઈ કપાળે હાથ કૂટી રહ્યા ક્રન્દન,
અને ખોટાં સ્થળે અર્પી રહ્યાં છો આત્માનાં વંદન;
ચૂંટો અમને ને જોજો, આ જગતના રંગ પલટાશે,
અને દોજખ બનેલી આ ધરામાં લ્હેરશે નંદન!

(સૌજન્યઃ જ્યોતીન્ પટેલ

(ઉપરોક્ત રચના હાલના સમયમાં પણ પ્રસ્તુત છે.)

॥ નવાં કાવ્યો ॥

## સપનું

**પરબતકુમાર નાયી દર્દ**

સપનાનું આવું તો કેમ?
હોંશીલો હાથ જરા અડકે ના અડકે ત્યાં થઇ જાતું પરપોટા જેમ!

સપનાનું...

સપનું ઊગ્યા પછી આંખોના ફળિયામાં ઊગ્યાં છે મનગમતાં ફૂલ !
સપનું ઊગ્યા પછી કો'ક એમ કે' તું કે જીવન કરી દ્યો ને ડૂલ !
ઝાકળના ફોરાને તડકાના દેશથી લઇને જાશું કેમ હેમખેમ ?

સપનાનું.....

પાંપણના દરિયામાં આવી આવીને રોજ ખેપો આ તરવાની કેટલી ?
પાણીનું નામ એને આપી આપીને રોજ આંખો આ ભરવાની કેટલી ?
જોશીને પૂછ્યું તો વેઢા એ ગણતો ને સૈયર કહે સપનું તો વ્હેમ!?

સપનાનું....

(આચાર્યશ્રી, સરદારપુરા પ્રાથમિકશાળા, મુ.સરદારપુર, પો. રવેલ, તા. દિયોદર, જિ. બનાસકાંઠા-૩૮૫૩૩૦
મોઃ ૭૯૯૦૨૮૮૧૯૩)

## હાઈકુ

**હિરેન સોની 'એકાંત'**

ખોવાઇ ગઇ
ગો-ધૂલિ, શહેરનાં
ડામર રોડે.

ભૂકંપ ટાણે
મંદિરો ઠેબે, ઘરો
વસ્યાં લારીમાં.

હોમ-લોનનાં
પાટિયાં નીચે, શોધે
છત ગરીબ.

વૃક્ષ કાપીને
ઘર બાંધે માનવી,
છાંયડો શોધે.

શાળા બહાર
ગરીબનાં બાળકો
ધૂળમાં લખે.

**(આસિ. પ્રોફેસર, આઈસ્ટાર કોલેજ, વલ્લભ વિદ્યાનગર)**

## ગઝલ

**આબિદ ભટ્ટ**

(૧)

જગત જન સકળને સિકંદર થવું છે,
મને દે ફકીરી, કલંદર થવું છે!

તરસ કોઇની પણ મને તરફડાવે,
રણે જઇ વરસતું, પયોધર થવું છે.

હવે ફ્લેટમાં થાય છે ગૂંગળામણ,
લીલી વૃક્ષ ડાળે કલાધર થવું છે !

રહેવું ગમે વિશ્વજનના હૃદયમાં,
કહ્યું મેં નથી કે કદાવર થવું છે.

ફરી, ઓઢણીને ફગાવી શકે જ્યાં,
મને દીકરીનું પિયરઘર થવું છે!

ચરણમાં તમારા મને સ્થાન આપો,
મને ક્યાં તમારી બરાબર થવું છે !

(નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧, જિ. સાબરકાંઠા મોઃ ૯૪૦૯૦૨૨૧૩૦)

પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી,
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે.

ઊંટ કહેઃ આ સભામાં વાંકાં અંગવાળાં ભૂંડાં,
ભૂતળમાં પક્ષીઓને પશુઓ અપાર છે.
અન્યનું તો એક વાંકું આપના અઢાર છે.

- દલપતરામ

## ભારતીયતા એટલે શું?

**નરેશ વેદ**

ભારતમાં કે ભારત બહાર વસતા કોઇ સરેરાશ ભારતીયને કોઇ ભોગેજોગે એમ પૂછે કે ''તમે ભારતીય છો તો ભારતીયતા એટલે શું એ જરા સમજાવશો?'' તો એ વ્યક્તિ અવાક્ થઇ જશે. એ તુરત પ્રત્યુત્તર આપી શકશે નહીં. પોતે ભારતીય હોવા છતાં ભારતીયતા, એટલે કે ભારતીયપણું શામાં છે, શા કારણે છે, કેવી રીતે છે તેના વિશે તેણે ભાગ્યે જ કશો વિચાર કર્યો હશે, અને તેથી એ થોડીક ક્ષણો માટે તો મૂંગીમંતર થઇ જશે. પછી કદાચ થોડું વિચારીને સૂઝશે અને આવડશે એવો ઉત્તર આપવા તે પ્રયત્ન કરશે.

હકીકત એ છે કે પ્રત્યેક રાષ્ટ્રને તેની આગવી અસ્મિતા અને ઓળખ હોય છે અને એ રાષ્ટ્રની પ્રજાના વિચાર, ઉચ્ચાર અને આચારમાંથી પ્રગટ થતી હોય છે. એક રાષ્ટ્રની પ્રજા અને રાષ્ટ્રની પ્રજાથી અલગ પડતી હોય તો તેની આવી પ્રજાગત ખાસિયતોને કારણે અલગ પડે. બ્રિટીશ પ્રજાના શીલમાં રૂઢિચુસ્તતા અન્ય અતડાપણું જેવી અમુક લાક્ષણિકતાઓ છે તે અમેરિકાની પ્રજાના ચારિત્ર્યમાં નથી. મુકતતા અને મિલનસારપણું એ પ્રજાનાં આગવાં લક્ષણો છે ચીન અને જાપાન ભલે પાડોશી રાષ્ટ્રો રહ્યાં પણ એમની આસ્થાઓ અને આકાંક્ષાઓમાં ઘણો તફાવત છે. ભારત અને પાકિસ્તાન ભલે એક જ દેશમાંથી વિખૂટાં પડીને સર્જાયેલાં બે રાષ્ટ્રો હોય પણ ભારતીય પ્રજાની જીવનશૈલી અને પાકિસ્તાની પ્રજાની આચારશૈલીમાં ઘણોબધો તફાવત છે.

તો મૂળ પ્રશ્ન એ છે કે આ 'ભારતીયતા' શું છે? પ્રશ્ન પ્રથમ દષ્ટિએ જેટલો અઘરો લાગે છે એટલો વાસ્તવમાં નથી. સ્હેજ વિચારતાં તુરત સમજાય છે કે ભારતીય વ્યકિતનાં શીલ અને ચારિત્ર્યના એવા કેટલાંક અંશો છે જેના વડે તેની જીવનદષ્ટિ, વિચારરીતિ, આચારશૈલી વગેરે ઘડાયા છે. આ અંશો એટલે ભારતીયતા. એ આ બધામાં વ્યકત થયા કરે છે. નામ પાડીને કહીએ તો (૧) સંતાનવાહિતા (૨) સમભાવયુકત સમદષ્ટિ (૩) સર્વ જીવો સાથેની સંવાદિતા (૪) સમષ્ટિગત સાજીદારી (૫) સહજતા (૬)અનાગ્રહ (૭) સહિષ્ણુતા (૮)આધ્યાત્મિકતા (૯) પરંપરાગતતા (૧૦) નિરંતરતા (૧૧) રહસ્યમયતા (૧૨) આનંદમયતા-વગેરે એવી લાક્ષણિકતાઓ છે જેમાંથી ભારતીયતા પ્રગટ થતી રહે છે. જરા વિગતે વાત કરીએ.

ભારતીય વ્યકિત સંતાનમાં પુત્રની કામના કરશે. કેમકે પુત્ર વડીલના નિધન બાદ પિંડદાન કરી તેના જીવને અવગતિએ જવામાંથી ઉગારે એવી તેની માન્યતા છે. ભારતીય પિતા પુત્રને પોતાના ભૌતિક અને સાંસ્કારિક વારસાનો અધિકારી માને છે. એટલે એના ઉછેર અને કેળવણીમાં, એના ભણતર અને ઘડતરમાં શિસ્તનો આગ્રહી રહે છે. જો પુત્રને શિક્ષણ અને સંસ્કાર બરાબર આપ્યા હશે તો એ પોતાના કુળકુટુંબનાં આબરૂ અને વારસાને દીપાવશે, એવા ખ્યાલથી તે આવી કડકાઇ દાખવે છે. અન્ય રાષ્ટ્રોના સમાજોને એમાં મુકત લોકશાહી વલણ કરતાં આપખુદ વડીલશાહી કદાચ જણાય. પણ બીજી બાજુથી એ પોતાનાં સંતાનોને લાડકોડથી ઉછેરે છે. કેમકે પુત્રને એ પોતાની આશા-આંકાક્ષાઓનો વિસ્તાર માને છે. એક બાજુથી કડક શિસ્ત અને બીજી બાજુથી લાલનપાલન કરતું ભારતીય પિતાનું માનસ એની સંતાનવાહિતાની અપેક્ષાને પ્રગટ કરે છે. એક ભારતીય જીવનને નિરંતર ચાલતી પ્રક્રિયા સમજે છે, એ ચાલતી રહેવી જોઇએ, અટકવી ન જોઇએ. એ ત્યારે જ ચાલતી રહે જયારે પેઢી દર પેઢી સંતાનોમાં વૃદ્ધિ થતી રહે. પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર દ્વારા વંશવેલો ચાલુ રહે. પ્રજાતંતુને અવિચ્છિન્ન રાખવાની ઇચ્છા ભારતીયતાની દ્યોતક છે.

એક ભારતીય જેવો ભાવ પંડનાં સંતાનો તરફ ધરાવે છે, તેવો નદી, પર્વત, વૃક્ષવેલીઓ પશુપંખીઓ તરફ પણ રાખે છે. હા, વ્યકિતએ વ્યકિતએ એની માત્રા ઓછીવત્તી જણાય પણ કહેવાનો મતલબ એ છે કે આવો ચાહતનો ભાવ પોતાના અંગનાં સંતાનો સુધી સીમિત ન રાખતાં એ પ્રાકૃતિક સત્ત્વો અને અન્ય જીવસૃષ્ટિ સુધી વિસ્તારે છે. તે સૌની હિતચિંતા અને ખેવના કરે છે. જો આવો ભાવ ન હોત તો એ કીડીઆરાં ન પૂરત, પંખીઓને ચણ ન નાખત, અવાડે પાણી ન ભરત, પીપળે પાણી ન રેડત, ગાય-કૂતરાને એનો ગ્રાસ ન આપત. એ બધું એ કરે છે કેમકે એ બધાંને પણ એ ચાહે છે. સહઅસ્તિત્વમાં સહુનું ભલું છે, એ તે સમજે છે, પીપળા દ્વારા પ્રાણવાયુ વધારે મળે છે એવું વૈજ્ઞાનિક જ્ઞાન ભલે એને નહીં હોય, પશુ-પંખી-વનો-વનસ્પતિ વગેરે સાથેના સમતોલ અને સંવાદી સંબંધોથી જ કુદરતી સંતુલન સચવાય અને માનવ જીવન નીરોગી રહે એવું વૈજ્ઞાનિક ભાન પૂરેપૂરું કદાચ એને નહિ હોય, પણ 'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી, પશુ છે પંખી છે વનોની છે

વનસ્પતિ' એવો એનો હૃદયભાવ છે. એટલે પીપળો કપાય નહીં, પશુપંખીની હત્યા કરાય નહીં, કૂવા-અવાડા નદી-તળાવ પુરાય નહીં, નહિતર પાપમાં પડીએ એવી માન્યતાથી એ જીવે છે, એમાં કોઇને અંધશ્રદ્ધા જણાય તો ભલે જણાય. ખરી વાત એ છે કે તમામ પ્રકારની જીવસૃષ્ટિ તરફનો સમભાવ એમાં રહેલો છે. આવા સમભાવને જગાડતી સમદષ્ટિ ભારતીયતાની ઓળખરૂપ છે.

તમે કહેશો કે આ તો ભારતીય વ્યકિતના ગુણોનું અતિવાચન છે, તો એવું નથી. આ દેશમાં છેક બચપણથી બાળકોને ફૂલછોડ, પશુપંખી અને નદીપર્વતોથી બાળગીતો અને બાળરમતો વગેરે દ્વારા પરિચિત કરાવી એમની સાથે સ્નેહનો નાતો બાંધી આપવામાં આવે છે. પ્રત્યેક બાળકને એનાં માતાપિતા અને શિક્ષકો સમજાવે છે કે એને ચાર માતાઓ છેઃ જન્મ આપ્યો તે જનની, જે ભૂમિમાં જન્મ થયો તે જન્મભૂમિ, જે પોતાના દૂધ વડે પોષે છે તે ગાયમાતા અને જેના વડે તૃષા છિપાય છે, ધાન્ય અને ઊર્જા ઉત્પન્ન થાય છે તે લોકમાતા નદી. બાળકોનો આ બધાં જોડે સ્નેહનાતો બંધાય એટલા માટે જેમ એમને માનવીય સંબંધરૂપકોથી ઓળખાવ્યાં છે. તેમ અન્ય સત્ત્વોને પણ આવાં રૂપકોથી ઓળખાવે છે. જેમ કે, ચાંદામામા, આંબા દાદા, બિલ્લીમાસી, ઘોઘા બાપા. મનુષ્યસૃષ્ટિ સિવાય અન્ય જીવસૃષ્ટિ સાથે સ્વજનભાવ દાખવતી સંવાદિતા એ ભારતીયતાને ઓળખવાની ત્રીજી ચાવી છે.

'હું જ વિલસી રહું સહુ સંગ, હું જ રહું અવશેષે,' પોતાની આગવી વ્યક્તિમત્તા સાચવી રાખીને સમષ્ટિ સાથે હળીભળી વિસ્તરવા –વિલસવાની ભાવના ભારતીય પ્રજા ધરાવે છે. એટલે નાનીમોટી બાબતોમાં સ્વાર્થમૂલક ગણતરીઓ તે ટાળે છે. એને ભૌતિક સમૃદ્ધિની ચાહના છે, તેના કરતાં અંતરની આંતરિક સમૃદ્ધિની ખેવના વિશેષ છે. આવી આંતરિક સમૃદ્ધિ વડે 'सहनाववतु, सहनौभुनक्तु, सहवीर्यम करवा वहै' ની ભાવના દાખવતી. સૌ સાથે સાજીદારી એ ભારતીયતાની ચોથી પહેચાન છે. સુખ અને દુઃખનો ભોગ એકાંતિક નહીં; એને શેષ કે વિશેષ કરવા સામુદાયિક વહેંચણીવાળી ભાગીદારી, એ ભારતીય પ્રજાની ખાસિયત છે.

આ દેશના લોકો એમની ગરીબીમાં અને અમીરીમાં, એમના સુખમાં અને દુઃખમાં, સગવડો અને અગવડોમાં સહજતાથી જીવે છે. એનાથી અકળાઇ ઓચાઇ, ઉબાઇને વાજ આવી જતાં નથી. सर्वथा कर्तृम् अन्यथा कर्तृम् ઇશ્વર જ છે. કીડીને કણ અને હાથીને મણ આપનારો આવો હજાર હાથવાળો માથે બેઠો છે, એ ભૂખ્યા ઉઠાડશે, પણ ભૂખ્યા સુવાડશે નહીં એવી ઊંડી ઇશ્વર આસ્થા, ઇચ્છિત કે ઉદિષ્ટ કશું ન મળે તો એ નસીબમાં નહીં હોય, એની હાયવૉય શી ? કશુંક વાંચ્છિત કે પ્રાપ્તવ્ય પોતાને મળે નહીં પણ અન્યને મળે તો 'હાથમાંથી કોઇ ઝૂંટવી જશે, કરમમાંથી કોઇ કેવી રીતે ઝૂંટવી જશે ?' એવી દૈવ અને પ્રારબ્ધમાં અચળ આસ્થા યુગોથી ભારતીય પ્રજાજનના માનસમાં દઢ થયેલી છે એ કારણે એના જીવનમાં આ જાતની સહજતા આવી છે. એ કાંઇ એકાએક અને અમસ્તી નથી આવી. એની પાછળ વર્ણ અને આશ્રમની જીવનવ્યવસ્થાની, કર્મ-પ્રારબ્ધ-પુરુષાર્થની તથા મંગલ-અમંગલ, અનિષ્ટ-અને દુરિતની જે વિચારણાઓનો એને ગળથૂથીમાં જે વારસો મળ્યો છે, એમાંથી આવી છે. જીવન આખું એક યોગ કે યજ્ઞ છે અને એનું અંતિમ ધ્યેય મોક્ષ છે, એવી સમજનું એણે પયપાન કર્યું છે, એમાંથી આવી છે. જીવનનાં હેતુ, પ્રયોજન અને કાર્યની અભિજ્ઞતાથી આવતી સિદ્ધિ વડે જીવનની કોઇ પણ અવસ્થા કે પ્રક્રિયા જોડે ભારતીય વ્યકિત પોતાના જીવન અને માનસનું જે સહજતાથી સમાયોજન સાધે છે, એમાં એની અસલિયતને ઓળખવાની સાચી કૂંચી છે.

મને અને હૃદયનું ખુલ્લાપણું ભારતીય પ્રજાની એક આગવી ખાસિયત છે. ભારતીય પ્રજા અનેક ધર્મો, સંપ્રદાયો, પંથો અને મતોમાં વિશ્વાસ ધરાવે છે. એમનાં કર્મકાંડો, વિધિવિધાનો અને પર્વોઉત્સવોમાં મશગૂલ રહે છે. એમની સાધના, ઉપાસના અને આરાધનાની રીતિયદ્ધતિઓમાં એકમેકથી ઘણી અલગતા છે, પરંતુ ભારતીય પ્રજા કોઇ જાતના વાંધાવિરોધ વિના એનું અનુસરણ કરતી રહે છે. નકકર અને સંગીન તથ્યો અને પુરાવાઓ ઉપર આધાર રાખતું આજનું વિજ્ઞાન એવો દાવો કરે કે સત્યનું અપાવરણ કરવાની શકિત કેવળ એની પાસે જ છે, એની પદ્ધતિ અને દષ્ટિ અનુસાર જે કોઇ સત્યાનુસંધાન કરે નહિ, તે ધતિંગ અને અંધશ્રદ્ધા છે, તો ભારતીય પ્રજાને કોઇ જોડે મતભેદ થતો નથી, વાંકું પડતું નથી. તે સમજે છે અને સ્વીકારે છે કે પરમ સત્ય ગૂઢ, ગુહ્ય અને અકળ હોય. તેને જાણવા પામવાના આવા અનેક માર્ગો, અભિગમો અને તરીકાઓ હોઇ શકે. આ એક જ સાચો, એ સિવાયના અન્ય ખોટા અથવા આ રીત, નજર અને પ્રવિધિ જ સ્વીકારો અન્ય નહીં, એવો હઠાગ્રહ ભારતીય પ્રજાનો નથી. જેને જે ઠીક લાગે તે મત, પંથ, પદ્ધતિ, પ્રણાલી, પ્રવિધિ વગેરેને

અનુસરે, ભારતીય પ્રજાજનને એ સામે કોઇ વાંધોવિરોધ નથી. સત્ય અને જ્ઞાનના ક્ષેત્રના નમ્ર અને ઉદાર પર્યુત્સુકનો અનાગ્રહ ભારતીયતાનો પરિચાયક છે.

આની સાથે જ સંકળાયેલી એક અન્ય બાબત પણ ધ્યાનમાં લેવા જેવી છે. ભારતીય વ્યકિત કેવળ પોતાને જ સાચી અને પોતાનાં વિચારો-માન્યતાઓને આખરી નહીં માને. પોતાની વાતનો કક્કો જ ખરો; અન્યની વાત ખોટી, પોતાનાં વાતવિચારથી જુદી પડતી અન્ય વ્યકિત જૂઠ્ઠી કે એનાં વાત-વિચારો જૂઠ્ઠાં, એમાં એ નથી માનતી. એવું નથી કે એને પોતાનાં વિચારો-માન્યતાઓમાં વિશ્વાસ નથી કે પોતાની પ્રતીતિ પરત્વે લગાવ નથી. પરંતુ એનું માનસ ઘડતર એવું છે કે એ એમ જ માને છે કે એ પોતે પછી; બીજા પ્હેલાં. એને પોતાનો મત છે, પણ એની મમત નથી. પરમત સહિષ્ણુતામાં એ માને છે. અન્યનાં વાતવિચારને સાંભળવા સમજવા અને સ્વીકારવાની એનામાં તત્પરતા અને સહૃદયતા છે. આવી ઉદાર સહિષ્ણુતા ભારતીય વ્યકિતને ઓળખાવતી આગવી લાક્ષણિકતા છે.

પશ્ચિમી પ્રજાથી ભારતીય પ્રજાને અલગ પાડતી જો કોઇ મુખ્ય વાત હોય તો તે છે ભારતીય પ્રજાનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ. પશ્ચિમની પ્રજાનો દૃષ્ટિકોણ ભૌતિકવાદી છે, જયારે ભારતીય પ્રજાનો દૃષ્ટિકોણ આધ્યાત્મિક છે. ભારતીય પ્રજા સંપ્રદાય કરતાં ધર્મને અને ધર્મ કરતાં અધ્યાત્મને ઊંચી વસ્તુ માને છે. સંપ્રદાય અને ધર્મ તો બાહ્ય આચરણગત પ્રવૃત્તિ છે. માટે એમાં ઉપાસનાના વિધિવિધાનો અને સાધનાના અનુષ્ઠાનો છે. પણ આધ્યાત્મિકતા અંતરની શુચિતા અને પવિત્રતામાં રહેલી છે. વ્યષ્ટિ અને સમષ્ટિમાં એક જ આત્માનો વિલાસ નિહાળતી જીવનદૃષ્ટિ આધ્યાત્મિક છે. વર્ણ, વર્ગ, જાતિ, ધર્મ, ભાષા, દેશ અને કાળના ભેદોને વળોટીને અભેદ અને સમરસતામાં રાચતી અને પરાત્પરને લક્ષ કરતી આધ્યત્મિકતા ભારતીયતાનું એક અભિલક્ષણ છે.

દુનિયાની કોઇપણ પ્રજા કરતાં ભારતીય પ્રજામાં પરંપરાનિષ્ઠતા વધુ છે. આ દેશની પ્રજા પાસે સહસ્ત્રો વર્ષોની સાંસ્કૃતિક વિરાસત છે. આ ધરોહરનું તેના છેક ઉગમકાળથી માંડી આજ પર્યંત એણે સાતત્ય સાચવ્યું છે. સ્થાનિક અને આગંતુક જાતિઓના સંઘર્ષો અને સમન્વયો એણે નિહાળ્યા છે. એમાંથી સર્જાતો એક રોમાંચક ઇતિહાસ અને રચાતી કેટલીક વિલક્ષણ પરંપરાઓની વારસો અને વૈભવ એની પાસે છે. જાતિ-કુટુંબ, કુલ-શીલ, ગુરુ-શિષ્ય, વાસ્તુ-વરસી, વિવાહ-લગ્ન, કથા-કીર્તન વગેરે અનેક જાતની પરંપરાઓનું પાલન આ પ્રજા કરતી રહી છે. આચાર, વિચાર, વિહાર અને વ્યવહારમાં આવી પરંપરાગતતા એ પણ ભારતીયતાની ઓળખનો એક મુદ્દો છે.

આખી દુનિયાની પ્રજા કરતાં ભારતીય પ્રજાના સ્થળ અને કાળ વિશેના ખ્યાલો જુદા છે. એ બે જાતની સૃષ્ટિ-વાસ્તવિક અને પ્રાતિભાષિક અને બે જાતનાં આકાશ-ભૂતકાશ અને ચિદાકાશમાં માને છે. પશ્ચિમની પ્રજાનો કાળ વિશેનો ખ્યાલ આરંભ અને અંતવાળો, સીધી લીટી જેવા રૈખિક સમયનો છે. એટલે એ પ્રજા જન્મથી મરણ સુધીનો વિચાર કરે છે એમના મત મુજબ મૃત્યુ સાથે જીવનનું પૂર્ણ વિરામ મૂકાય છે. જયારે ભારતીય પ્રજા વર્તુળાકાર સમયમાં માને છે. તેથી આ પ્રજાની માન્યતા મુજબ મૃત્યુ જીવનનો એક વિરામ છે. પ્રત્યેક જન્મ એક પડાવ છે અને જન્મ-પુનર્જન્મની એક ઘટમાળ છે. મતલબ કે ભારતીય પ્રજા સ્થળ અને કાળને જુદાં નથી માનતી, તેના ખંડ કે અંશમાં વિશ્વાસ નથી કરતી, પરંતુ જીવન અને કાળને નિરંતર વહેતા પ્રવાહરૂપે એ સ્વીકારે છે. જન્મ જન્માન્તરના અને અખંડ કાળના ખ્યાલોને પુરસ્કારતી નિરંતરતા પણ ભારતીયતાની પરિચાયક છે.

મનુષ્યની પ્રકૃતિ, કુદરતની લીલા અને જીવન મરણ અને પુનર્જન્મની ગતિવિધિ અકળ છે, જીવ, શિવ, જગત, મન અને સ્વપ્ન વગેરે અજ્ઞેય છે. સત્ય અને જ્ઞાન ગૂઢ છે. ધર્મ અને અધ્યાત્મનું તત્ત્વ ગુહ્ય છે. એટલું જ નહીં જીવનમાં સ્વ અને પર, સદ્ અને અસદ્, શ્રેય અને પ્રેય, ઇષ્ટ અને અનિષ્ટ, મંગળ અને અમંગળ, સ્વાર્થ અને પરમાર્થ વગેરે જેવા અનેક વિરોધો છે. આ કારણે આ બધાં તરફ ભારતીય પ્રજાજનને ઉત્સુકતા અને જિજ્ઞાસા છે. આ રહસ્યાવૃત્ત બ્રહ્માંડમાં રહસ્યોની જે નાનાવિધ રમણા છે, તેના પ્રભાવથી ભારતીય પ્રજાનો ઝોક રહસ્યમયતા તરફ રહ્યો છે. કોઇ અકળ, અજ્ઞેય, ગૂઢ, ગુહ્ય, વિચિત્ર અને વિરોધી તત્ત્વો અને બાબતોમાં આસ્થા ધરાવતી ભારતીય પ્રજાની રહસ્યમયતા એની ભારતીયતાની ખસૂસ પહેચાન છે.

ભારતીય પ્રજાનો જીવન તરફનો અભિગમ નકારાત્મક નહીં, પણ વિધેયાત્મક છે. ભારતીય જીવનદર્શન હતાશા અને નિરાશાનો નહીં, આનંદ અને ઉલ્લાસનો જયઘોષ કરે છે. ભારતીય પ્રજા પશ્ચિમની પ્રજાની માફક મનુષ્યને 'પાપનું સંતાન' નહી, પણ 'અમૃતનું સંતાન' માને છે, સચ્ચિદાનંદની લીલારૂપ આ જીવન અને જગતને આ પ્રજા શોકનું નહીં, પણ આનંદોલ્લાસનું અધિષ્ઠાન માને છે. તેથી ભારતીય પ્રજા ઉત્સવપ્રિય પ્રજા છે. જીવનને એક

મહાપર્વ અને અપૂર્વ અવસરરૂપે ઓળખી એણે પ્રત્યેક માસના એક દિવસને તહેવારમાં ફેરવી નાખ્યો છે એ અવતારી પુરુષો અને રાષ્ટ્રપુરુષોની જન્મજયંતીઓ ઉજવે છે. સંતો-મહંતો અને મહાત્માઓની નિર્વાણતિથિઓ ઉજવે છે. દેશમાં વસતી બધી કોમોના તહેવારો ઉજવે છે. પુરુષોત્તમમાસ, પર્યુષણ, ક્રિસમસ, રમજાન, નવરોજ જેવા પર્વો ઉજવે છે. પદયાત્રાઓ, રથયાત્રાઓ, લોક અને કુંભમેળાઓ, યજ્ઞ-યાગો, હોમ-હવનોમાં મહાલતી રહે છે. દુનિયાની કોઈપણ રાષ્ટ્રની પ્રજા કરતાં ભારતીય પ્રજા વધારે રજાઓ પાડે છે! ચૈતન્યમયી, સત્યમયી જગતજનની પરમ આનંદમયી પણ છે, એવું માનતી આ પ્રજાને ઓળખાવતું આ પણ એક અભિલક્ષણ છે-આનંદમયતા.

ભારતીય પ્રજામાં અનુસ્યૂત રહેલી ભારતીયતા એટલે શું, એ કેવી છે, એને કઇ રીતે ઓળખી અને વર્ણવી શકાય, એનો ખ્યાલ આ વાર્તિક ઉપરથી આવ્યો જ હશે.

(કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર ફોન-૦૨૬૯૨-૨૩૩૭૫૦, મો. ૯૭૨૭૩૩૩૦૦૦)

**।। લઘુકથા ।।**

## પીંજરું

**હરિત પંડ્યા**

અમેરિકામાં સ્થિર થયા પછી પાંચેક વર્ષ બાદ એ એમના વતનમાં આવેલા નાનાં-મોટાં કામ આટોપવામાં દિવસો ક્યાં પસાર થઇ ગયા એનો ખ્યાલ જ ન રહ્યો.

અમેરિકા પાછા ફરતાં પહેલાં એ અહીંનાં એમના નજીકનાં સગાંને મળવાનું કદી ચૂકતા નહીં

એમના પત્નીની તબિયત હમણાંની થોડી નરમ-ગરમ રહેતી હતી, એટલે એ સ્નેહીઓ, સંબંધીઓની મુલાકાતે એકલા જ નીકળી પડ્યા.

એમણે મુલાકાતોની શરૂઆત વડોદરામાં રહેતા એમના મોટાભાઈથી કરી. મોટાભાઈની મહેમાનગીરી માણ્યા પછી, વડોદરામાં જ પરણાવેલ ભાઇની દીકરીને મળવા એ એને સાસરે પહોંચી ગયા. સુલભા એમની સૌથી વહાલી દીકરી હતી.

એ સુલભાને ઘેર પહોંચ્યા ત્યારે એ ઘરમાં એકલી જ હતી. એનાં સાસુ, સસરા મંદિરે ગયા હતાં. એનો પતિ હજુ જોબ પરથી આવ્યો નો'તો.

હાથમાંની ચોપડી એક કોર મૂકીને એણે ઉમળકાભેર કાકાને આવકાર્યા. ઔપચારિક વાતો પત્યા પછી સુલભાએ બનાવેલ ચા-નાસ્તો કરતાં એમણે ભત્રીજીને પૂછ્યું.

''તારું ડાન્સિંગનું કેવું ચાલે છે ? હજુ પ્રોગ્રામો કરે છે કે ?''

''ના...રે લગ્ન કર્યા પછી બધું ઊંચું મૂકાઇ ગયું. વહુ, દીકરીઓ સ્ટેજ પર જાહેરમાં નાચે એ અહીં કોઇને પસંદ નથી.''

''ઓ..!!''

થોડી વાર મૌન રહ્યા પછી એમણે સુલભાને કહ્યું,

''તું ગાતી'તીય સરસ. સંભળાવ એકાદ ગીત.''

''કાકા એય બધું ભૂલાઇ ગયું. એમને તો સંગીતમાં જરાય રસ નહીં, પછી કોને સંભળાવું ?'' કહેતાં સુલભાની આંખો ભીની થઇ ગઇ. એમનાથીય જરા લાગણીવશ થઇ જવાયું.

''કાકી મજામાં? કેમ એકલા આવ્યા? કાકીનેય સાથે લઇ આવતાંને!'' સુલભાએ કહ્યું.

''બેટા, તારી કાકીની તબિયત ઠીક નો'તી એટલે એકલો આવ્યો. ચાલ હું જાઉં.'' કહી એ ઊભા થયા.

ત્યાં, એમની નજર સામેના બ્લોકની લોબીમાં લટકતા પીંજરા પર પડી.

''આ સામેના પીંજરાનું પક્ષી કશું બોલતું તો સંભળાયું નહીં, હું આવ્યો ત્યારથી અત્યાર સુધી. આવા પક્ષીને પાળવાનો શો અર્થ !''

''કાકા, પહેલાં તો એ, સામેના ઝાડની ડાળ પર બેસીને ખૂબ સરસ ગાતું'તું. પીંજરામાં પુરાયા પછી એનું ગાવાનું એના કંઠમાં જ રૂંધાઇ ગયું.'' સુલભાએ કહ્યું.

''ચાલ આવજે. બધાંને મારી યાદ આપજે.'' કહી એમણે ભત્રીજીની વિદાય લીધી.

(૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૩૮૭૦૦૨, મોઃ ૯૪૨૮૬૯૯૮૫૪)

॥ અભ્યાસ ॥

## ઈશાવાસ્ય

**ઘનશ્યામસિંહ ગઢવી**

वेदानां सारगर्भाणांसारं सारं विचार्य च।
तत्त्वरुपेणह्यत्रैव वेदान्तेषु निरुपितम् ॥

મુક્તિકોપનિષદ ઉપનિષદોને 'તલમાં તેલ' ની જેમ વ્યાપક રહેલાં વેદોના 'નવનીત' માને છે. શ્રીરામ શર્મા લખે છે કે 'ભારતીય તત્ત્વજ્ઞાનનું ઉત્કૃષ્ટ વિવેચન આમાં મળે છે.' 'વૈદેશિક શોપેન હોવર તેને 'વિશ્રામઘાટ' કે 'મૃત્યની આરામગાહ' ગણાવે; તો આ બાજુ નાનકાદિ મહાપુરૂષોએ તેઓનું મહત્ત્વ જ ન આંક્યુ પણ આ પરંપરામાં દારાશિકોહ જેવા એ અમૂલ્ય ભાષાંતર કરાવી, આને 'મહારહસ્ય' કહયું.પ્રમુખોપનિષદોમાં-

इश-केन-कठ-प्रश्न-मुण्डक-माण्डूक्य-तित्तिरिः।
ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश ॥

મનાયા છે. તેઓનું પ્રયોજન શું ? તેવું કોઈ પૂછે તો...જો યજ્ઞાદિથી તત્ત્વપ્રાપ્તિ ન થાય તો શું? 'न वित्तेन तर्पणीयो'(કઠ.૧-૧-૨૭) કે 'प्लवा ह्येते अदृढा'(મુંડક૧-૨-૭) આ બધા સાધનો હોવાથી અને ન સાધ્ય હોતા; કેવી રીતે અમૃતત્વને પ્રાપ્ત કરાવે? 'नेह नानास्ति किञ्चन' એટલે શું ? 'आत्मा वा अरे दृष्टव्य' કોણ?

**મહાપ્રશ્ન**

આ અને આવા સનાતન પ્રશ્નોનું નિરાકરણ 'ઈશ' નો પ્રારંભ કરાવે છે -

इशावास्यमिदं सर्वम् यत् किञ्च जगत्याम्।
कुर्वन्निह कर्माणि जीजिविच्छेतच्छतम् समाः॥(ઈ.૧)

જગતમાં જે કાંઈ પણ છે, તેનો આધારગતિ, ભર્તા,પ્રભુ, સાક્ષી (ગી.-૯-૪, ૧૦-૩૯,૪૨) ગીતાનુસાર મનાયો તે છે. અહીં ઉપભોગ કરો; પણ ઈશ્વર પ્રીત્યર્થે કે જેને 'લોક્સંગ્રહ' પણ ભગવાન કૃષ્ણે (ગી-૩-૯, ૧૮-૪૬) કહેલ છે. તેને વસ્તુતઃ ઈશાવાસ્ય સો વર્ષ જીવતાં જીવતાં 'કર્મ' કરવાનું કહે છે.

આ ઉપનિષદ શુક્લ-યજુર્વેદની કાણ્વસંહિતા તથા માધ્યંદિન વાજસનેયી સંહિતાનો ચાલીસમો અધ્યાય છે જે જ્ઞાનકાંડનું પ્રતિપાદન કરે છે.તેને આત્માધ્યાય, આત્મસૂક્ત, બ્રહમાધ્યાય કે બ્રહ્મસૂક્ત તરીકે અભિધિત કરાય છે. ઉપર્યુક્ત બંને પાઠોમાં એક મંત્રનો ભેદ છે. કાણ્વ અઢાર અને વાજસનેયી સત્તર મંત્રોને ગણે છે.જેનું અહીં સંક્ષેપ હેતુ વિવરણ નહીં કરાય. આ ભાગમાં ઋષિ દીર્ઘતમા કે ઉવટભાષ્ય મહીધરે દધીચાર્થવણ (મ.ભા.૪૦.૩) પણ કહ્યા.દેવતા પરમાત્મા અને છંદ અનુષ્ટુભાદિ છે. જેમાં ગાગરમાં સાગરવત્ કે બૃહત્કાર વિચાર લઘુકાયમાં સમાવિષ્ટ થઈ ગયો છે. જેમાં વિવેચકોના અભિપ્રાયે ૧થી૮ મંત્રોમાં જ્ઞાન, ૯થી૧૪માં કર્મ અને ૧૫થી૧૮માં જાણે ભક્તિ જેવા ગીતોક્ત ત્રિકાંડ વિવૃત થયા છે. જેમાં પરમેશ્વરસ્વરૂપ, જ્ઞાનીની અવસ્થા, સાક્ષાત્કાર, વિદ્યાવિદ્યાની પુરકતા જેવા તત્ત્વો ચર્ચાયા છે. જેઓથી વ્યક્તિત્વ નિર્માણ શક્ય થાય છે.

**ત્યાગમીમાંસા**

ઉદ્-અચ બહાર આવવું, દશ્યમાન વિશ્વોત્પત્તિ પરબ્રહમનો વિવર્ત શાંતિમંત્રમાં નિવેદિત છે. લોભઃ पापस्य कारणम् કે नरकस्य द्वाराणि માં લોભને સમાવાયો છે. જેમાં નિર્લોભિ બનવાની શીખ અપાઈ છે. કારણ सर्व वासुदेवः ન્યાયે સમગ્રતયા આ વિરાટનો હીચકો છે કે वाचारमभण्णं विकारो नामधेयम् છે. इष्टे इति ईशः છે. मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णदुःखदाः કે બ્રહ્માર્પણની ભાવના રાખતો भुञ्जीथाः આજ્ઞા કરી છે. પણ केवलाधो भवति केवलादी(ઋ.૧૦-૧૧૭-૬) જો તેમ ન કરે તો તે હમણા કહયું તેવો બને છે.નૈતિકતાનો વિચાર જોઈ શકાય છે. 'પરધન જેને કાષ્ઠરે' નરસિંહની વૈષ્ણવતા અહીંથી જાણે વિસ્તાર પામી હોય. જથાલાભ સંતોષાની કૂંચી અહીં મળે છે.

ગીતા કહે છે ખાતો, પીતો, સૂતો, બેસતો, ઉઠતો જે કાંઈ કરે છે તે 'કર્મ' છે, પણ કર્મ બાંધે છે.બંધન નીચે લાવે છે.માનવે તો ઉન્નત બનવાનું છે, તો કેવી રીતે ઊંચે જઈ શકાય?ઉપનિષદનો માર્મિક વિષય તો ઉર્ધ્વગમન છે કહયું કર્મબન્ધમાંથી મુક્તિ કેવી રીતે? તો મને સમર્પીને થાય इदं न मम કહી તેને જ અહીં ન કર્મત્યાગ પણ નિષ્કામ કર્મ કે स्वाधिकारान्न प्रमत्तः બની કર્મ કરવાની વાત સીધા સાદા શબ્દોમાં જણાવી દીધી છે. પરંતુ કર્મમાં જ તારો અધિકાર ન તું ફળમાં અતએવ -

कायेन मनसा बुद्धया केवलैन्द्रियैरपि।
योगिनः कर्म कुर्वन्ति सङ्ग त्यक्त्वाऽऽत्मशुद्धये ॥(ગી.૫-૧૧)

કહી બધી જ એનર્જી ત્યાગમાં પણ કોના? કર્મફળના.આમ બુદ્ધિપૂર્વક કર્મરીતિને ઈશાવાસ્ય 'तेन त्यक्तेन भुञ्जीथा।' કહીને સમજાવી દે છે. જન્મોચ્છેદનો આ એકમાત્ર ઉપાય કે પરમ સમીપે જવાની કેવળ વિરલ કેડી આ અને આ જ છે.

કર્મયોગી Wrok is worship કે कर्मण्येवाधिकारस्ते લોકમાન્ય તિલકના મતે ચતુઃસૂત્રીગીતાની ગંગોત્રી એટલે આ મંત્ર कर्मणैव हि संसिद्धिमास्थिताः जनकादयः, કે नहि कश्चिद क्षणमपि जातु

तिष्ठयत्यकर्मकृत् ન્યાયે મંદમતિ પણ પ્રયોજન વિના કાર્ય ન કરવા પ્રેરાય તો બુદ્ધિશાળી મનુષ્યની તો શી વાત? જીવન પ્રત્યેની સકારાત્મકતાનું મૂળ જ જીવિષા છે. એટલે તો યક્ષની પ્રિયા આ આશાતંતુથી કદાચ જીવિત રહી હશે.જુઓને शतं जीव शरदः યમઋતુ સૌને વટાવે પણ સ્વાસ્થ્ય સાથે દીર્ઘજીવનની કામના પણ વ્યક્ત કરાઈ છે. नान्यथा इतः अस्ति રાજમાર્ગ સ્થાપિત કર્યો. એવો જ ભાવ नान्य पन्थां विद्यतेऽयनाय(શ્વે૩-૮વ). ગીતા આ વિચારને અભીક્ષ્ણ દોહરાવે છે नियतं कुरु कर्म, ટીકાકારોના મતોના સારરૂપ અહીં અનાસક્ત યોગની સલિલા વહી રહી છે. ન સામાન્ય અસામાન્ય મહાપુરૂષને માટે પણ આ ગમ્યમાર્ગ ગણાયો છે.

**ઉર્ધ્વગમનરહસ્ય**

જો તેમ ન થાય તો વ્યક્તિની દશા અહીં કહી તેવી असूर्या लोकाने પ્રાપ્ત થાય છે. असुराणाम् इदम् इति असूर्यम्-तस्मादप्येहाददानमश्रद्धानामयाजमानमाहुसुरोबतेति। (છાંદોગ્ય) જે માત્ર ભૌતિક 'અસુ' સુખાર્થ જીવે તે આવું જ; એમ દર્શન ચાર્વાક માને છે यथा ऋणं कृत्वा धृतं पिबेत् આવા અનાત્મવાદીઓનું ભાવિ અંધતમસમય બતાવ્યું છે. જ્યાં વિવેકભ્રષ્ટ કે(બૃહદારણ્યક ૪-૪-૧૧) अनन्दाः લોકો કહે છે. असूर्याः लोकः तमसावृत्तः તરફ આત્મના અભિપ્રાયે नैनं छिन्दन्ति(ગી.૨-૨૩,૨૪) આત્મહનન ભલે ન થતું હોય પણ તે અચલસનાતન સ્થાણુસર્વગતનિત્ય હોય, છતાંપણ आत्मैव हयात्मनो बन्धुः જે નથી તે સંશયાત્માનો વિનાશ નક્કી છે. શ્રુતિ કહે છે असन्नेव सम्भवति असद् ब्रहमेति वेद चेत् અધોગતિ વાળો માર્ગ એટલે निरुत्साह-हिंसाजायते इति जनः જે આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિમાં પશુવત્ હોય તેજ આત્મહન્તા મનાયો.

વ્યક્તિનો અંતકાળ કે તેની ગતિ કેવી છે. તેના ઉપરથી નિશ્ચિત થાય છે કે તે સત્ત્વાદિ ગુણાનુસાર ઉચ્ચ-મધ્યમ-નીચ, સુકૃતિ-દુસ્કૃતિ, સૂરાસુર, સદસદનિષ્ઠાનુસાર કેવો હતો? તે નિશ્ચિત થાય છે. જેમકે તેને ગીતા દેવાસુરસંપદ નામ આપે છે. જે નામ આપો તે મૂળતઃ આ બે ગતિઓમાંથી પસાર થતો મનુષ્ય અધોગતિક કે ઉર્ધ્વમુખી થાય છે. આવા વિચારને ગીતા કહે તે શબ્દોમાં उद्धेरदात्मना કહયું છે અને शरीरमाद्यं खलु धर्मसाधनम् હોવાથી આ કરણથી જ મૃત્યુસંસારસાગર તરવાનો છે. સો વર્ષના આયુષ્યને પ્રાપ્ત કરતો પ્રભુપ્રદત્ત કર્મ કરતો જીવનનો વિનિયોગ કરે. ગીતા કહે છે તેમ ન કરતો 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જયમ શ્વાન તાણે.' એવો-

अहंकार बलं दर्प कामं क्रोधं च संश्रिताः।
आसुरी योनिमापन्ना मूढा जन्मनि जन्मनि॥

અધમ-તામસી બનીને આસુરી યોનિને પ્રાપ્ત કરે છે.(ગી.૧૬-૧૮,૨૦) આ જ મનુષ્ય બની સ્વયં આત્મોદ્ધારક બને, નહીં તો તે સ્વયં જ સ્વનો રિપુ કે શત્રુ બને છે.(ગી.૬-૫) આવાને અહીં અનાત્મા કહયો છે. તુલસી આ સંદર્ભે હનુમાનના મુખે કહેડાવે છે 'सबके देह परम प्रिय स्वामी' બૃહદારણ્યકના અભિપ્રાયે 'જે કાંઈ કરે છે મનુષ્ય તે તેના સ્વ માટે કરે છે, નહીં કે કોઈ માટે 'अरे वा दृष्टव्यो श्रोतव्यो' જેમકે 'કૂવામાં હોય તો હવાડામાં આવે' તેમ જે પોતે આનંદિત હોય તે બીજાને આનંદિત કરી શકે. આ દષ્ટિએ આત્મહન્તાનું કોઈ સ્થાન નથી.

આવા લોકો જો ન માન્યા કે જીવન કેડીને એ ન ચાલ્યા તો તેના માટે असूर्या लोकाः મોજુદ છે. જેને ગીતા જુદા અથવા વિરોધિ ભાવે કહે છે न शशांकः न पावकः અથવા यं यं भावं स्मरन् જતાંને તમ જ મળે છે, નહી કે બીજું કંઇ.જે જેને ભજે તે તેવો થાય. ઈયળ પતંગીયું બની જાય છે. તે 'તમ' ને માનસકાર કહે છે 'मोहमूल बहू सूलप्रद त्यागहुँ तम अभिमान।'જે ત્યાગની વાત પ્રથમ મંત્રમાં કહી 'ત્યાગીને ભોગવ' જો તેમ ન કરે તો ગીતા કહે છે તેમ આ તમોલોકમાં આવી પડે છે.

**તત્ત્વસ્વરૂપ**

આગળ કહે છે તે અણોરણીયાન્ દેવતાદિ જેનાથી શક્તિમાન થાય છે. તે જ બીજપ્રદ છે.(ગી.૧૦-૨) મારા અંશરૂપ, મારી માયા કે પ્રકૃતિથી જન્મ જેનો થયો, તે અચલ હોવા છતાં અતિક્રમે છે. અગ્રજ મંત્રમાં જેને જન કહ્યો, જો તે તેવો બને તો नरः पुरुषोत्तमः બને છે. ઉર્ધ્વગતિ પ્રાપક મનોજવ બનતો, પહેલો ગણ. વર્ત.કૃ.અગતિશીલ-સ્થિર-નિશ્ચલ-બ્રહમત્ત્વ-નિર્વિકાર-પદની પ્રાપ્તિની ચાવી અહીં આપી છે. આ અષ્ટધા પ્રકૃતિમાં ઈન્દ્રિયથી બુદ્ધિ સુધીના સોપાનો પ્રદર્શિત છે.(કઠ.૧-૩-૧૦) અહીં ઈન્દ્રિયોથી કરીને અંતિમ આત્માની શ્રેષ્ઠતા કહી. આ સર્વોચ્ચ તત્ત્વગીતાના મતે આશ્ચર્યવત વ. વર્ણિત છે.

પ્રકારાન્તરે તત્ત્વના દૂરાન્તિક જેવા અદિશને દિશા વિનાનો દર્શાવ્યો.જેની ભગવત્તા અને અચિન્ત્યશક્તિમત્તા વર્ણવે છે.તે ચાલતું હોવા છતાં અચલ, તે કંઇ ન કરતો હોવા છતાં કરે છે, તે દૂર પણ નજીક છે. જેને નરસિંહ કહે તેમ 'તેજ તું પવન તું પાણી તું' કે ગઝલકાર લખે તેમ 'ગગનવાસી ધરા પર...' ઉતરીને બાહ્યાંતર કરણોથી જગતને ચેતન બક્ષે છે.વિરોધી ગુણ, ભાવ, રૂપ અને ક્રિયા જેના, જેમ કે અગ્નિમાં તપ પણ

પાણી નહી, તો પણ વીજળી ઉત્પન્ન થાય છે, વળી તે પાણી પાછું વિદ્યુતનું જનન કરે. આમ તે નિર્ગુણ છતાં સગુણ કહેવાયું. અચલ મૂર્તિ દ્વારકાધીશ નરસિંહાદિ માટે જેમ શામળીયોશેઠ બને છે તેમ. તે અદશ્ય ભાવાધારિત દ્રશ્ય બની જાય છે.(ગી.૧૩-૧૫,૭-૭)

**ધીર**

ईश्वरः सर्वभूतानां ह्रद्देशेऽर्जुन तिष्ठति ।નો અહીં પડઘો પછીના મંત્રમાં પડે છે. ઉપાસનાની દૃષ્ટિએ એ તત્ત્વને સર્વત્રગો જણાવ્યું.પરબ્રહમસ્વરૂપનું લક્ષણ જણાવીને જાણકાર મહાપુરૂષના લક્ષણો જણાવતા જ ધેનુ દેવહિતકારીપ્રભુનો વાસ સર્વત્ર છે.શ્રુત્યાનુસાર वसुधैव कुटुम्बकम् હોય તો તેનો તે પ્રજાપતિ છે. જીવમાત્રમાં દયા ભાવ રાખે. (ગી.૬-૨૯-૩૦) પ્રેમની વાત કરી છે.બધાને એક માનતો ઈર્ષ્યા વ. ષડ્ વિકારોથી દૂર રહે છે. અને જેને 'કામ-ક્રોધ-ભય-લોભ સબ નરક કે પંથ' કહ્યા છે. પછી અદ્વૈત હોય તો મોહાદિ કેમ રહી શકે? सर्वभूतस्थमानम् એ જ્યાં રહે ત્યાં છલાદિને રહેવાની શક્યતા પણ ક્યાંથી હોય? सदुःखेष्वनुद्विग्नमनाः બની જાય તુલસી કહે છે -

सनमुख होइ जीव मोहि जबहीं । जन्मकोटि अघ नासहिं तब हीं ॥

આને જ આ ઉપર કહેલા દુર્ગુણોની જડ કહી છે. રામચરિતમાનસકાર વિવિધ પ્રકારના ખલ મોહ, મદ, મત્સર, માન અને લોભ માને છે, અને એટલે કહ્યું કે

तब लगि ह्रदय बसत खल नाना । लोभ मोह मच्छर मद माना॥

માનવજીવનના ખલ છે. તેને જ બીજા શબ્દોમાં

ममता तरून तमी अंधियारी। रागद्वेष उलूक सुखकारी॥

ઉલૂક સમા જો આવા વિકારોથી અલિપ્ત રહી 'ધીર' વર્તે તો મોહ કે શોકથી પીડાવું નથી પડતું.ત્યારબાદ તેના માટે

तत्र को मोहः कः शोकः एकत्मनुपश्यतः(ઈ.૭)

અને તે સહનાવવતુ સહનૌભુનક્તુ કે समानि आकृतिः ભાવને આપમેળે જ વરણ કરી લે છે. જેને ગીતા આત્મસંયમી કહે છે

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः।(ગી.૬-૩૧)

परहित निरत नीति । પરહિતને નીતિ કહી છે. એકત્વ જોતા સર્વત્ર તે એજ છે. જેને ભક્ત કવિ નરસિંહના પદમાં ચિંતવ્યો છે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જુજવે રૂપે અનંત ભાસે'. આવો જ્ઞાની ગીતાના મતે ત્રિગુણાતીત કહેવાયો. તેને તેજસ્વી વ. કહ્યો. 'ज्ञानाग्नि सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ।' આવો સાધક બાદમાં નિષ્પાપ-મનીષી-સ્વયંભૂ-બ્રહમવિદ્‌માં સંક્રાંત થઈ જાય છે.

ઈશના આ બન્ને પદો આચાર્યાદિઓના મતે પૃથક્ અર્થો ધરાવે છે. પરંતુ 'इदं सर्वं' ને લગતું અવિદ્યા અને જેની સત્તા તે વિદ્યા.(ઉમાશંકર જોશી) ગીતાના મતે દૈવાસુરસંપદકે परोपकारः पुण्याय पापाय परपीडनम्‌ને વિશિષ્ટ શબ્દો જતાવી દે છે.

**વિદ્યા-અવિદ્યા**

**સરવાળે**

अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नते। કે अमृतं च विद्यया।(શ્વેતા.૫.૧)

આગળના ત્રણ મંત્રોમાં વિદ્યા-અવિદ્યાના તત્વને સમજાવ્યા છે. જેમાં (જ્ઞાન) વિદ્યાને પરબ્રહ્મપ્રાપ્તિનું પરમ સાધન કહ્યું. જેમ કે -

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना।(ગી.૧૮-૧૮)

જ્ઞાન એ કર્મને પ્રેરે છે અને સ્વર્ગાદિલોકની ઉપલબ્ધિ કરાવનાર કર્મને અવિદ્યા કહી. આને જ અનેકત્ર 'માયા' પણ કહેવાઈ.

ઉપર્યુક્ત તત્ત્વોના અનુષ્ઠાનરૂપે પ્રાર્થવામાં આવે છે 'तमसो मा ज्योतिर्गमय ।' અથવા 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા'. આવા વિચારોના અમલથી સાધક વિદ્યારત થાય છે. અશાસ્ત્રવિધિ કામ કરવાથી ડૂબવાનું નિશ્ચિત છે. તેના અનુગ્રહથી સત્કર્મ અને પ્રકાશ તરફ ગતિ નક્કી છે. હનુમાનચાલીસાની આ ચોપાઈ તે વિચારને અનુસરે છે

दुर्गम काज जगत के जे ते सुगम अनुग्रह तुम्हरे तेते ।

અયથાર્થ અનુષ્ઠાનથી અવિદ્યોપાસકઅન્ધ તમસને પ્રાપ્ત કરે છે. જેને ગીતાકાર તામસી કર્તા કહે છે જે અયુક્ત,પ્રાકૃત, સ્તબ્ધ, શઠ,નૈષ્કૃતિક, અલસી, વિષાદી, દીર્ઘસૂત્રી છે.(ગી.૧૮-૨૮)

બન્નેને મર્જ કરીને તરી શકાય છે તથા અમૃત અને મૃત્યુની વ્યાખ્યા ગીતા પ્રમાણે(ગી.૪-૧૬) નૈષ્કર્મ્ય ત્યજીને પુરૂષાર્થ કરીને તથા નિદ્રા જેવા દુર્ગુણો ત્યજી કર્મ કરતા અમૃતને પ્રાપ્ત થાય છે.

**હૃદયશોધનયુક્તિ**

જે આમ ન કરે તે-

अन्धं तमः प्रविशन्ति येऽसम्भूतिमुपासते ।
ततो भूय इव ते तमो य उ सम्भूत्यांरताः ॥(ઈશ.૧૨)

હૃદયનું શોધન કરવાની યુક્તિ એટલે સંભૂતિ એટલે સંઘવાદ,સમષ્ટિવાદ કે સમૂહોત્કર્ષ અને અસંભૂતિ એટલે વ્યક્તિવાદ. જેમાં સંકુચિત-સ્વકેન્દ્રી-સ્વાર્થનો ત્યાગ અને અંતતઃ મનુષ્ય સામાજિક પ્રાણી છે તેની અહીં શરત છે. આત્મશ્રેયનો મૂળ માર્ગ આ જ છે. આ પદો હૃદયસ્વચ્છતાની વાત કરીને આજના સ્થૂળ સ્વચ્છતા

અભિયાનથી એક ડગલું આગળની વાતને કહે છે. અને સમજાવે છે તેવું વિદ્વાનોના મતે આત્માની અંતર્ગત અને પ્રકૃતિની બહાર એવી બે અવસ્થાઓના દ્યોતક પણ આ પદો કે વ્યક્તિ સમષ્ટિવાચક પણ મનાયા. વિનોબા અસંભૂતિને વિનાશ માને છે.

**અર્ક**

અંતિમ ત્રણ મંત્રોને અંત્યેષ્ઠિસંસ્કારે પઠન પામતા જોવાયા છે. અથવા(બૃહ.૫-૧૫-૧) અન્યત્ર પણ ભાવિત છે. જેમાં ભક્તિને ગૌરવાન્વિત કરાઈ છે. જ્યાં કલિપોષક હિરણ્ય -ધન-લોભ ત્યાં નહીં લક્ષ્મી. સત્ય કે सत्यं परं धीमहि ધર્મનું પ્રથમ ચરણ કે શરતને પામવાનો આ પથપ્રદર્શક મંત્ર છે. ઋગ્વેદકાલીન પૂષા દેવ अथ यद् रश्मिपोषःपुष्यति तत् पूषा भवति।(નિરુક્ત) 'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.' પ્રવચનમેધાશ્રવણાદિથી सत्यान्नास्ति परो धर्मः સત્યને તેના જેવું કહ્યું.યમસૂર્યપ્રાજાપત્યનામે પ્રેરક પ્રાણીમાત્રને પોષતું બૃહદ્રશ્મિ અર્થાત કર્મધારય સમાસ કરવાથી વિવિધ પ્રપંચ અર્થમાં કહી, જ્યારે જ્ઞાનાગ્નિથી કર્મો ક્ષીણ થતાં તે પુરૂષને હું જોઉ છું. આ અવસ્થાની સાકારતા જોવાઈ.

અમૂર્તોપાસના અને બન્નેના સમુચ્ચયનો ખ્યાલ સ્પષ્ટ કરાયો છે. જ્યાં ક્રિયા To do,ઉપાસના a to feel, અને to be મનસાતીત ભાગ ભજવે છે. અહીં મૂર્ત વૈષ્ણવપરંપરા અને અમૂર્ત નિરાકારીય કબીરાદિ સંતપરંપરાઓ, બન્નેની પૂરક બને છે આ વિધિવિધાન. જેમ જમીન વિના ન બીજ તથા બીજ વિના ન અનાજ તેમ કે અખો કહે 'તિલક કરી કરી.' કે 'જપમાળાના નાકા તુટ્યા' ની ઇતિશ્રી છે.ગીતા કહે તેમ અધિકતરકલેશ એટલે 'क्लेशोऽधिक्तरस्तेषांमव्यक्तानाव्यक्तचेतसाम्' વેદાંત પરંપરામાં સાધનાની બન્ને પદ્ધતિઓનો વિનિયોગ થઈ જાય છે. અહી જેમકે સાધક બ્રહ્મચર્યાવસ્થામાં યજ્ઞાદિ અને સંન્યાસાશ્રમમાં પ્રણવોપાસનાથી મુમુક્ષુ સમન્વય સાધી લક્ષ્ય સુધી પહોંચે છે. તેને પ્રાપ્ત કર. 'अंतकाल रघुवरपुर जाई जहाँ जन्म हरिभक्त कहाई'

મનુષ્ય સ્ત્રીપુત્રધનમાનકીર્તિઆદિ મૂર્ત ભોગાદિમાં અનુરક્ત, સ્વને સુખી માનતો, જાતને પોતાના યોગક્ષેમમાં લગ્ન કરતો, દેવતાદિની સેવામાં સંસક્ત, સર્વથા સનાતન ન રહેનારા ભોગોમાં અવરૂદ્ધ, વિભિન્ન યોનિઓમાં ભ્રમણશીલ રહે છે. (ગી.૭-૨૦,૨૩) આવા દુષ્કર્મી, દુરાચારી અને દંભીની ગતિ(ગી.૧૬-૧૮,૧૯) દર્શાવી છે.તે સર્વધાર,સર્વશક્તિમાન, સર્વમય, કર્તા, ધર્તા, સમાહર્તા, સર્વજ્ઞને સમજીને શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમથી નિરંતર દેવતાદિની પૂજા અવશ્ય કર્તવ્ય માની ભગવાનની પરમ સેવા સમજી કરવા જોઈએ. જેનાથી અંતકરણશુદ્ધિ થાય અને ભગવદ્કૃપા તેમજ મૃત્યુમય સંસારસાગર તરી શકાય છે. આ सम्भूतिः તેના દિવ્યનામ-રૂપ લીલાના શ્રવણ-મનન-કીર્તન-વંદન-પાદસેવન-અર્ચનથી ઉપાસના કરવાની મતિની વાત કરી છે. શાસ્ત્રો અને ભગવાનની આજ્ઞાનુસાર(ગી.૧૭-૧૪) अन्यदेवाहुः જે ઉભયથી નિરાળું उत्तम पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः જે પરમ અને એક તથા અદ્વિતિય છે.

ભક્ત પ્રાર્થના કરે કે હે ભગવાન આપ અખિલ બ્રહ્માંડના પોષક છો. આપનું મુખ પ્રકાશમય સૂર્યમંડળની ચમકતી જ્યોતિર્મય જાળીથી આવૃત્ત છે. હું આપનું દર્શન કરવા ઇચ્છું છું. આપના દર્શનને અવરૂદ્ધ કરનાર કે પ્રતિબન્ધક તત્ત્વોને આપ હટાવો. આપનું સચ્ચિદાનન્દઘનરૂપ પ્રકટ કરો.(ગી.૧૦-૧૧)

હિરણ્યમયપાત્રને સૂર્યતેજ કેમ ઢાંકે? પરંતુ ઋષિમતે આકાશીય પદાર્થ સૂર્ય નહીં પણ ઋગ્વેદીય સૂર્યરશ્મિ એટલે સપ્તરશ્મિઓ જે સપ્તભૂમિકાઓ કે જેમાં સપ્તલોક અને મધ્યે મર્હલોક તેનો અધિષ્ઠાતા સૂર્યવા भूरति अयं लोकः मह इत्यादित्यः आदित्येन वाव सर्वे लोका महीयन्ते तैः। (તૈત્તિ.૩-૧-૫) જે મહર્લોકને પ્રકાશિત કરે તે આધિદૈવિક સૂર્યનુંરૂપ થતાં ઉપર-નીચે જે તેજ કોરું રહેતાં અને અર્જુન ચર્મચક્ષુ હોવા છતાં ન જોઈ શક્યો જે રૂપ ને તેમ વિશ્વ કે દિવ્ય અવસ્થાઓ અધ્યાત્મ દશા ઢંકાઈ જાય છે. તેને પાર જવાની વાત આ તેજે અટકી ને નહી પણ, સત્યોપાસકયાત્રી હજુ આગળનો પ્રવાસી બને તે વાતનું તારણ નીકળે છે. પરમ સત્તા માયાતીત ગોપાર છે અને અભિભૂત ન થતાં વિદ્યાને પણ જેમ સત્ત્વોપરિ અર્જુનને ત્રિગુણાતીત થવાની વાત ગીતામાં છે તેમ અહીં પણ અંતિમતાથી પૂર્વમાં અટકી ન જઈને, અતિક્રમીને divine person आतोऽस्मि लोके वेदे चप्रथितः पुरुषोत्तमः।(ગી.૧૫-૧૮) ની વાતને અહીં દૃઢ કરે છે.

અંતિમ ચારમંત્રોમાં હિરણ્યમયપાત્રની અનાવૃત્તિ જ સાત કોઠી વિંધીને કમળપુષ્પની ઉપલબ્ધિ કે ચક્રવ્યૂહભેદન જેવી કલા જ ગીતાનુસાર દૈવી હયેષે મે गुणमयी माया दुरत्य्यया।(ગી.૭-૧૪) છે. 'वो हि परमपद पायेगा' વિનોબાના મતે પારમાર્થિક જીવનનો નકશો કે આજનું જીપીએસ એટલે આ માર્ગ. આપ સહજ પ્રસાદથી ભક્તોને દૃષ્ટિદાન કરો છો.જે આપના સ્વરૂપને યથાર્થ કરનાર છે. ભક્તવત્સલ હોવાથી આપ ભક્તિ વડે ભક્તને જણાવો છો

यत्ते रुपं कल्याणतमं तत्ते पश्यामि(ઈશ.૧૬)

અવિજ્ઞેય હોવા છતાં હે પ્રભુ સૂર્યમંડળની તપ્ત રશ્મિઓને એકત્રિત કરી, ઉગ્રતેજને સંકેલી આપના દિવ્યસ્વરૂપને પ્રત્યક્ષ કરો.આપની કૃપાથી પરમ કલ્યાણમય,સુંદરસ્વરૂપનું ધ્યાનદષ્ટિથી દર્શન કરી રહયો છું. જો આપ સર્વાત્મા હોવાથી પૂષનયમપ્રજાપતિ આદિના अहं ब्रह्मास्मिનો અનુભવ યોડસાવસૌ पुरुषः सोडहमस्मि (इश.१६). અર્જુન પણ વિશ્વરૂપદર્શન બાદ કહે છે ‘આપ કહેશો તેમ કરીશ,હું જાણી ગયો કે હું કોણ છું? ભગવાનની સાક્ષાત્સેવામાં પહોંચવા માટે વ્યગ્ર સાધક શરીરત્યાગ કરતો, સૂક્ષ્મસ્થૂલ દેહના સર્વથા વિઘટનની ભાવનાભાવિત અભિલાષા કરે છે. એક પદની પંક્તિ કહે છે ‘હંસલા હાલો ને હવે મોતીડા નહીં રે મળે.’ કે ‘પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે. ‘वातीति वायुः વિશ્વચૈતન્યશક્તિનું પ્રતીક છે ‘क्रतु’ નો અર્થ યાજ્ઞિક કે સંકલ્પાત્મક મન કર્યો છે. જીવની શિવ થવાની અવસ્થા. પરમધામયાત્રી પ્રાણાદિ ઉપાદાનોને પ્રકૃતિમાં ભેળવીને સર્વથા વિલીન થતો, ભસ્મીભૂત થવા ઈચ્છે છે.

**વચન**

યજ્ઞમય પરમાત્મા મારા કર્મને સ્મરો કેમકે આપ જ વચન આપો છો ‘એવા મારા ભક્તને હું પરમ ગતિ આપું છું’આ જ અભિપ્રાયથી પુનરુક્ત કરે છે. અન્તકાળે જો આપ મારા સ્મરણમાં આવી ગયા તો આપ મને યાદ રાખશો એવું यं यं स्मरन આપે કહ્યું છે તેમ. અને એ માર્ગ કયો? બલિ પાસેથી इदं विष्णुर्विचक्रमेत्रेधानिदधे पदम्। (ऋ.१-२२-१७) ત્રિવિક્રમની પૌરાણિક કથા આનો જ કદાચ મધ્યાંતર भूः भूवः स्वः કે અગ્નિ પૃથ્વીય, વાયુ અંતરિક્ષ અને સૂર્ય સ્વર્લોકીય દેવ-अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानिविद्वान् (इश. १८)

હે અગ્નિ હું મારા ઈષ્ટની સેવામાં તત્પર થવા માંગુ છું. આ મંત્રમાં જેમ ‘જળ અને અગ્નિ સ્વયં પવિત્ર હોવાનું’ ભવભૂતિ કહે છે તેમ અગ્નિ अग्रं नयति इति अग्निः દેવદૂત તો ખરો જ. સારાખરાબના તાણાવાણાનો સાક્ષી-

હે અગ્નિદેવ સુપથે અમને સુખાર્થે
દોરો તમે સફળ કર્મ પિછાણનારા;
કાપો, અમે મલિન પાપ કર્યું હશે જે,
આ વારંવાર કરીએ તમને પ્રણામ.

આ સુંદર પ્રાર્થનાથી આ ઉપનિષદનો ઉપસંહાર થાય છે.

(આચાર્ય, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર)

॥ વિદ્યાવૃત્ત ॥

**ન્યુ વિદ્યાનગર ખાતે એરીબાસમાં સી.એસ.આઇ.આર. (લાઇફ સાયન્સ) નેટ ટ્રેનિંગ કોર્સ યોજાયો.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટ્રીગ્રેટેડ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઇન બાયોટેક્નોલોજી એન્ડ એપ્લાઇડ સાયન્સ (એરીબાસ) કોલેજમાં ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન, ગાંધીનગર દ્વારા અનુદાનિત વિના મૂલ્યે સી.એસ.આઇ.આર. (લાઇફ સાયન્સ) નેટ ટ્રેનિંગ કોર્સ યોજાઇ ગયો. આ તાલીમમાં સાયન્સની અનુસ્નાતક ડિગ્રી મેળવેલા તેમજ બીજા અને ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં એવા ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાંથી ૨૨ જેટલા વિષય તજજ્ઞો દ્વારા તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી શ્રી ડૉ. એસ.જી. પટેલ ખાસ હાજર રહીને તાલીમાર્થીઓને પોતાના વક્તવ્ય થકી પ્રોત્સાહિત કર્યા હતા. ડીન ફેકલ્ટી ઓફ સાયન્સ તેમજ વી.પી. એન્ડ આર.પી. પટેલ સાયન્સ કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ભાવેશ પટેલે સી.એસ.આઇ.આર. (લાઇફ સાયન્સ) નેટ પરીક્ષાનું મહત્ત્વ, અભ્યાસક્રમની માહિતીની વિસ્તૃત જાણકારીથી તાલીમાર્થીઓને તે અંગે વાકેફ કર્યા હતાં. સંસ્થાના ઇન્ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઇએ સર્વે વિદ્યાર્થીઓને આવકાર આપી શુભેચ્છાઓ આપી હતી. તાલીમના કન્વીનર ડૉ. દિગ્વિજયસિંહ રાણાએ છ દિવસ ચાલનારી પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. અંતમાં શ્રી સ્નેહલ ઇંગલે સરે, સૌ હાજર રહેલાં મહેમાનશ્રીઓ, વિષય તજજ્ઞો અને તાલીમાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

**સેમકોમ કોલેજ ખાતે વાલી મિટીંગ યોજાઇ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે મજબૂત બનાવવા અને પડકારોનો સામનો કરવા માટે સક્ષમ બનાવવાના પ્રયત્નો પ્રતિબદ્ધ છે જે માટે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ વાલીઓ અને શિક્ષકો વચ્ચે નિયમિત ધોરણે પારસ્પરીકતા વધે તે માટેનો હતો. જેમાં ૧૩૦ વાલીઓએ ભાગ લીધો હતો. આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, સ્ટાફ સેક્રેટરી પ્રા. અમી ત્રિવેદી અને જો.મેરી જ્યોર્જના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

॥ નિબંધ ॥

## ક્યાં છે મારું એ ઘર?

ભગીરથ બ્રહ્મભટ્ટ

આમ તો શહેરમાં મારે અપાર્ટમેન્ટ છે, ટેનામેન્ટ પણ છે છતાં એને હું 'ઘર' કહેતો નથી. હું જેને 'ઘર' કહું છું તે તો મારા વતનનું-ગામનું 'ઘર' જ. એમ કેમ? અમારા એ ઘરમાં હેતનાં પાણી પીને પેઢીઓ પાંગરી છે. ભાઈ ! મારા એ માટીના ઘરમાં મહોબતની ખાણ હતી, માટીનું ઘર જ અમારી ખાનદાનીનો ખજાનો!મારાં ગાંડાં દાદીમાને સાચવ્યાં એ ઘરે, એમના વિરક્ત દીકરાને નિભાવ્યો એ ઘરે, ફોઈના વૈધવ્યને સાચવ્યું એ ઘરે... બાળકોના બાળપણને લાડ લડાવ્યાં આ ઘરે... ચાર પાંચ પેઢીનો તો મને પરિચય છે...એ પૂર્વેનું આ ઘર. એ પેઢીના વારસદારોનાં વ્યક્તિત્ત્વો ઘરમાં ઘડાયાં.... ઘર વ્યક્તિત્ત્વવિકાસનું પ્રારંભબિંદુ. એ ઘરમાં ગાંડપણ જીરવાયું અને ડહાપણને પાંખો ફૂટી... જ્યારે જ્યારે ગ્રામજનો કહે છે 'આ ઘરમાં સાચા સાગનો ઉપયોગ થયો છે' ત્યારે મને 'સાગ'ની જગ્યાએ 'સ્નેહ' શબ્દ રાખવાની ઈચ્છા થાય છે. ઘરના દેહ ઉપર દીવાળીએ ગાર-લીંપણનાં કપડાં સજાવાતાં, ઘર રાજીના રેડ થઈ જતું. ભાઈ-બેનના લગનટાણે ચૂનાનો પાઉડર એના ચહેરા ઉપર છંટાતો-ઘર ત્યારે રૂપાળું લાગતું. એ ઘર કે જેના ગોખલામાં ખોડિયાર મા મરક મરક હસે છે તો આ એ જ ઘર કે જેના ઉંબર ઉપર માએ દોરેલો સાથિયો કાળો પડી ઝાંખો થઈ ગયો છે. એ શામળા સ્વસ્તિકે અજવાળાની યાત્રા યોજી છે... એ ઘર ઉનાળો ખાઈને તડકો ખાઈને પાકું થયું છે. એના ઉદરમાં કેટકેટલા ઉનાળા, કેટકેટલા શિયાળા અને કેટકેટલાં ચોમાસાં સચવાયાં હશે! ઋતુઓનો પાકો પરિચય પામી ગયું છે એ ઘર... એ ઘરમાં પેઢી દર પેઢીથી કેવા આત્માઓ વસ્યા અને ગયા! પુણ્યનો પર્યાય ઢબોભા.અર્ધા ડાહ્યાં નાનીમા, પાગલ ઉદીફોઈ, બાવો બની ગયેલો ભાણો જીવણ, નિઃસ્પૃહ દાદાના બાપા, પ્રારબ્ધ સામે જિદ કરતા પિતાજી, તેમની મોટી આશાઓને ધૂળમાં મેળવી દેતાં સંતાનો, દરિયા જેવી દીકરીયું, આંસુથી ભીનાં થયેલાં એમનાં અવસરટાણાં, પિતાની નિષ્ફળતાઓને સફળતામાં પલટાવવા જિંદગીભર ઝઝૂમતાં મારાં બા, અવસરટાણે કસોટી કરતાં કુટુમ્બીઓ... સગાવ્હાલાં... કેટકેટલા રંગો. આ ઘરને કેટલા વ્યાપક અનુભવો છે ! એની દીવાલે ચોર સંતાયા છે – ઢોર બંધાયાં છે – એને કાળ દેવતાએ કરચલીઓ પાડી છે. એના આંગણે કોઢ છે-કોઢમાં ઢોર છે—એ ઢોર પણ ઘરનાં સદસ્યો જાણે ! લીલું ઘાસ જોઈને અજાણ્યાં ઢોર ચઢી આવે એમ અમારા ઘરને ઘેરી વળતાં માગણ-જરૂરિયાતવાળાં ! બાપાની ઉદારતાનો દરિયો છલકાઈ જતો... મા એ દરિયો કાંઠો ન ઓળંગે એનો ખ્યાલ રાખતાં.છતાં દરિયો એ દરિયો હતો. રજે રજ જાણે છે એ આ ઘર...

મહેમાનોને આવ્યા પછી નીકળવાનું મન જ ન થાય એવી એની આગતાસ્વાગતા. માગણને ઊભા રહેવાનું મન થઈ આવે – પાંચમાં પૂછાય એવી એની ખાનદાની. એ ઘરમાં સુખનો સૂરજ દસકો ન્હોતો ઊગ્યો ઘરમાં દીવો પણ વ્હેલો બંધ કરી દેવાતો... દીવાલો, ઓરડા, મજૂસ, ટોડલા, ડામચિયા, કુંભી, ખૂંટી, કબાટ અને ખાંડણિયા ખાલીપો અનુભવે... તેલનું ડબલું ઘીના ડબલાના ખબર પૂછે.ખાલીપો ખખડે. ઘર સાંભળે. એ ઘરમાં વગર કમાણીએ દસ સભ્યોના પેટમાં અજવાળું કરવા મથામણો થઈ છે. એ તમામ સભ્યોની આંતરડીનો અવાજ ઘરના અણુએ અણુએ સંભળાયો છે – ઘરે સાંભળ્યો છે. સૌએ સાથ છોડયો છે પણ ઘરે સાચવ્યા છે – એણે હાશકારો દીધો છે. ઘંટીનો અવાજ, ભૂખનો અવાજ, પશુનો અવાજ, તરસનો અવાજ, નિસાસાનો અવાજ-રડવાનો અવાજ – નહિ હસવાનો અવાજ – ઘરે સાંભળ્યો છે. ઘરે તો સાચવ્યા છે. અઢળક આત્મીયતાથી હૈયે માથે હાથ ફેરવ્યો છે. ધરપત આપી છે, છતાં વખત આવ્યે મને નોકરી મળતાં તમામ સદસ્યોને લઈને ઘર બંધ કરી નીકળવું પડેલું ત્યારે – મારી આંખોમાં, માની આંખોમાં, ભાઈભાંડુની આંખોમાં, ઘરની આંખોમાંથી જે હેત ટપકેલું એ હેતને કેવી રીતે શબ્દમાં રેલાવું? ઘરનો માંહ્યલો આગ્રહ કરીને રોકાઈ જવા કહેતો હતો – બા એ સમજતાં હશે એટલે જ તો પાણિયારે જઈ દીવો કરી, ઘરને હાથ જોડી કહેતાં હશે – 'તારો આશરો જ સાચો આશરો' ઘર પણ સામે મા-ને ઉત્તર આપી એમ જ કહેતું હશે – 'વખતે મા તમને ના ફાવે તો તમતમારે આવતાં રે' જો હું છું ને!' ત્યારે ઘરની દીવાલો, ઉંબર, ચોકડી, ઓસરી, ઓકળિયું, કબાટ, વળગણી બધાં એકસાથે વિદાય આપતાં હતાં... 'રોકાઈ જાઓ રોકાઈ જાઓ...' ઢોર વેચાઈ જાય,

ને વેપારી દોરી જતો હોય ત્યારે જેમ વળીવળીને જૂના માલિકને જોયા કરે એમ અમે સૌ વળીવળીને ઘરની સામે જોતાં હતાં. ઘરની આંખમાં આંસુ જોઈને અમારી આંખો ટપકી પડેલી.. એ ડૂસકાંને ગજવે ઘાલીને નગરમાં આવ્યો છું. ત્રીસ વરસનાં વ્હાણાં વાયાં – ઘર મારામાં ઊતરી ગયું છે – પણ હું એ ઘરમાંથી બહાર નીકળી ગયો છું.

એ ઘરમાં આજે ત્રીસ વર્ષ પછી ફરીથી જવાનું થયું છે. એ જ આત્મીયતાથી આંખો આલિંગન આપે છે. બારી-બારણાં ઉપર ધૂળનું સામ્રાજ્ય, ઉંદરોએ કોતરી કાઢેલી સાગની પટ્ટીઓ... ડામચિયાની ગોદડીઓ... એ જ ઓસરી, ઓરડો, એ જ ઉંબર એ જ પાણિયારું, એ જ ઘંટી એ જ સુંડલા – ઘંટીની પાસે પડેલી છાસ બનાવવાની ગોળી....હીંચકો–કડાં-મોભ મને મારાં માની ભાઈભાંડુની ખબર પૂછી એ બધાં મને બોલાવે છે કે હું એ બધાંને બોલાવું છું. – નક્કી નથી થઈ શકતું ! હું આંખો બંધ કરી સૌના અંદરથી ખબર પૂછું છું. એ બધાં જ આંખમાં પ્રવાહી થઈને ટપકે છે. પુનઃ હું ઘરની આંતરડીની ઉપેક્ષા કરીને નગરમાં ચાલ્યો આવું છું.

આજે નગરના મકાનમાં મને ઘરનું સપનું આવે છે. એ સપનામાં ઘરની છત નીચે જાળાં બાઝી ગયાં છે. તેની આરપાર પ્રવેશતા ચાંદરણાંઓમાં કરોળિયા દોડાદોડ કરે છે. એ કરોળિયો મને આખો ને આખો ઊંચકી લઈ જાય છે જાળામાં... એ જાળામાં લટકી પડું છું ત્યાં ઊભો ઊભો હું ઘરના અસબાબને નિહાળું છું. દીવાલ ઉપર ઊધઈ ચઢી રહી છે. બારીઓમાં ધૂળ, બારણામાં ધૂળ, શ્યામ ટોડલા, કટાઈ ગયેલાં કડાં, જંપી ગયેલો હીંચકો, વૃદ્ધ જેવી લાગતી ઘંટી. બારસાખની પડખે ભીંત ઉપર પાડેલા થાપામાંથી બેઠા થતાં દીકરી- જમાઈ, સાંકળમાંથી ગીત ગાતાં બાળકો... કડાંમાંથી આવતાં હાલરડાં, ડામચિયાની ગંધ-વળગણી ઉપર કપડાંની આત્મીયતા – બધું જ મને બોલાવે છે. ગોખલામાં પુસ્તકો જીર્ણ થઈ ગયાં છે. એ જીર્ણ થઈ ગયેલાં પુસ્તકોમાં એક ભગવદ્‌ગીતા પણ છે... એનો શ્લોક વાંચું છું ને આંખ ખુલી જાય છે ને હું પોકારું છું – ક્યાં છે મારું એ ઘર ?

(સૌજન્યઃ ઉદ્દેશ: ઓક્ટોબર ૧૧: ૧૪૪માંથી સાભાર)

(પ્લોટ નં. ૮૩૬, ગ્રેસ બંગલો, મનીષ કોર્નર પાછળ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મોઃ૯૯૭૯૫૨૩૨૭૬)

## એરીબાસ કોલેજમાં ઈન્ટરનલ ક્વોલિટી એસ્યોરંસ સેલ અંગેનો એક દિવસીય સેમીનાર યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટ્રીગ્રેટેડ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એપ્લાઇડ સાયન્સ (એરીબાસ) કોલેજમાં ઈન્ટરનલ ક્વોલિટી એસ્યોરેંન્સ સેલ અંગેનો એક દિવસીય સેમીનાર યોજાયો હતો. જેમાં મુખ્યત્વે ગુજરાત રાજયની સરકારી અને બિન સરકારી કોલેજોનાં ૬૭ અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળનાં માનદ્‌મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ અને ચીફગેસ્ટ તરીકે પ્રો. એચ.જે. જાની (ચારુસેટ યુનિવર્સિટી) હાજર રહ્યાં હતાં. અને પોતાનાં વક્તવ્ય થકી અધ્યાપકોને સંબોધ્યા હતાં. સંસ્થાના ઈન્ચાર્જ હેડ અને કન્વીનર ડૉ. ભક્તિ બાજપાઇએ મહેમાનોનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યા બાદ રિસોર્સ પર્સન અને અધ્યાપકોનું સ્વાગત કર્યું હતું. પ્રોફેસર એચ.જે. જાની, પ્રોફેસર સિરિમાવો નાયર, (એમ.એસ. યુનિવર્સિટી), સેન્ટ જેવિયર કોલેજ, અમદાવાદ (ઓટોનોમસ)નાં ડૉ. સેબાસ્ટિયન વી. એ. વડકન વગેરે વિષય તજજ્ઞોએ ઈન્ટરનલ ક્વોલિટી એસ્યોરેન્સ સેલ અંગે વિસ્તૃત માર્ગદર્શન ઉદાહરણ સહિત સમજાવ્યા હતાં અને અંતમાં પેનલ ડિસ્કશન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં ભાગ લીધેલાં અધ્યાપકોને નેકમાં કેવી રીતની કામગીરી, કોલેજોનાં વિવિધ પ્રકારના વિભાગીય કાર્યો અને તેને કોસ્ટકોના રૂપમાં પ્રદર્શિત કરવાની કાર્યપ્રણાલીની સમજ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાના ઈન્ચાર્જ હેડ અને કન્વીનર ડૉ. ભક્તિ બાજપાઇનાં માર્ગદર્શન અનુસાર માઇક્રોબાયોલોજીનાં હેડ અને આઇ.ક્યુ. એ.સી. કોર્ડિનેટર ડૉ. શિલ્પા ગુપ્તે અને બાયોટેક્‌નોલોજીનાં હેડ ડૉ. મુકુંદચંદ્ર ઠાકુર અને સ્ટાફમિત્રો શ્રી સ્નેહલ ઈંગ્લે, ડૉ. આરીફ ખાન વગેરેનાં સહયોગ થકી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

॥ અભ્યાસ ॥

# સંસ્કૃત કથા સાહિત્યમાં શૈક્ષણિક તત્ત્વ

(કથાસરિત્સાગર, પંચતંત્ર અને હિતોપદેશના વિશેષ સંદર્ભમાં)

**લલિતકુમાર પટેલ**

**પ્રસ્તાવનાઃ-**

સંસ્કૃતમાં વિશાળ ભારતીય કથા સાહિત્ય છે. જેની છાપ ફકત ભારતીય સાહિત્ય પર નહિ પરંતુ ભારતેતર સાહિત્ય પર પણ તેનો વ્યાપક પ્રભાવ જોવા મળે છે.ભારતમાં પ્રાચીન સમયમાં ત્રણ મોટા ધાર્મિક સંપ્રદાયો રહ્યા- વૈદિક, જૈન અને બૌદ્ધ. આ ત્રણેય સંપ્રદાયોમાં પોતપોતાની કથાઓ છે અને તે પણ વિપુલ પ્રમાણમાં. જેમનો ઉદ્દેશ ધાર્મિક તથ્યોંનું વિવરણ કરવાનો ન હોઇ, ફકત વ્યાવહારિક ઉપદેશ આપવાનો હતો.[૧] (૧) વૈદિક સાહિત્યમાં-સંવાદસૂકત તો પ્રખ્યાત છે જ પરંતુ તે ઉપરાંત સ્તુતિપરક સામાન્ય સૂકતોમાં પણ વિવિધ દેવાના વિષયમાં અનેક મનોરંજક અને શિક્ષાપ્રદ વ્યાખ્યાનો ઉપલબ્ધ થાય છે. આ આખ્યોનોની સૂચના યાસ્કના નિરુકત, શૌનકના બૃહદેવતા, વેદાર્થદીપિકા, સાયણના ભાષ્ય, દ્યાવેદ નામના ગુજરાતના વિદ્વાનના નીતિમઞ્જરી નામના ગ્રંથમાં મળે છે. (૨) જૈન સાહિત્યમાં પ્રાકૃત, સંસ્કૃત અને અપભ્રંશમાં કથાઓની વિપુલતા પ્રાપ્ત થાય છે. જૈન ધર્મમાં કથાકોશ એક વિસ્તૃત અને વિશદ સાહિત્ય છે. (૩) બૌદ્ધ સાહિત્યમાં પાલિભાષામાં રચાયેલી મનોરંજન કથાઓ જાતક ના નામથી પ્રસિદ્ધ છે. તેમનો ઉદ્દેશ્ય એ છે કે અનેક પશુયોનિઓમાં જન્મ લઇને તથા પરમિતાઓનો અભ્યાસ કરીને બુદ્ધત્વની પ્રાપ્તિ થાય છે. આ જાતક કથાઓની સંખ્યા ૫૫૦ છે[૨] બૌદ્ધ ભિક્ષુકોએ પ્રાચીન સ્રોતોમાંથી કથાઓનું ચયન કર્યું પરંતુ પોતાના ધાર્મિક ઉદ્દેશ્ય માટે તે તે નીતિ કથાઓમાં તેમણે પરિવર્તન કરી દીધું.

**સંસ્કૃત કથા સાહિત્યનો પરિચયઃ-**

**બૃહત્કથા**

પ્રાચીન ભારતીય કથા સાહિત્યમાં બે કથાચક્ર ઉપલબ્ધ થાય છે- ૧. બૃહત્કથા અને ૨. પંચતન્ત્ર. તેમાં પૈશાચી ભાષામાં ગુણાઢ્ય દ્વારા રચાયેલ બૃહત્કથા મૂળરૂપમાં આજે ઉપલબ્ધ નથી. પરંતુ સંસ્કૃતમાં રચાયેલ પંચતંત્ર આજે પણ એ જ ભાષામાં પ્રાપ્ત થાય છે. બૃહત્કથામાં અદ્ભૂત યાત્રાવિવરણ તથા પ્રણયપ્રસંગોનું વર્ણન છે. જેના એક એક બુંદથી અનેક વિચિત્ર કથાઓ રચાઇ.

सत्यं बृहत्कथाम्भोधेर्बिन्दुमादाय संस्कृताः ।
तेनेतरकथाः कन्था प्रतिभान्ति तदग्रतः ॥[३]

બૃહત્કથાના રચયિતા ગુણાઢ્ય સાતવાહન રાજયના દરબારના કવિ હતા. જેમનો સમય પહેલી કે બીજી સદીનો માનવામાં આવે છે. બાણભટ્ટે પણ બૃહત્કથાની પ્રશંસા કરી છે.

समुद्धीपितकन्दर्पा कृतगौरीप्रसाधना
हरलीलेव नो कस्य विस्मयाय बृहत्कथा ॥[४]

આ પદ્ય પરથી જણાય છે કે બૃહત્કથા 'કામકથા'ના રૂપમાં સંગૃહીત હતી. પાર્વતી-શંકરના સંવાદરૂપમાં તે લખવામાં આવી હતી. તેની ચમત્કારિતા અને સુંદરતાને લીધે અનેક વિદ્વાનોએ તેનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો હતો. તેમાં **બૃહત્કથામંજરી**- કાશ્મીરી કવિ ક્ષેમેન્દ્રની રચના છે. ક્ષેમેન્દ્રનું લક્ષ્ય કથાઓને અલંકૃત શૈલીમાં રજૂ કરવાનું હતું. તેમાં ૧૮ લમ્બક/અધ્યાય છે. જેમાં મુખ્ય કથાની સાથે અવાન્તર કથાઓ કહેવામાં આવી છે. કથાનો નાયક છે વત્સરાજ ઉદયનનો પુત્ર નરવાહન દત્ત. તેણે ગન્ધર્વોનું ચક્રવર્તિત્વ પ્રાપ્ત કરી અનેક ગંધર્વકન્યા સાથે લગ્ન કર્યા હતા પરંતુ મુખ્ય પટરાણી છે મદનમજુંકા. જે કાલિંગદત્તાની રાજપુત્રી છે. (બૃહત્કથામંજરીની અવાન્તર કથાનારૂપમાં **वेतालपञ्चविशतिः**ની રચના થઇ છે. **કથાસરિત્સાગર**- સંસ્કૃત કથાસાહિત્યનો શિરોમણિ ગ્રંથ છે. કાશ્મીરના પંડિત સોમદેવે ત્રિગર્ત (કુલ્લૂ કાંગડા)ના રાજાની પુત્રી, કાશ્મીરના રાજા અનંતની રાણી સૂર્યમતીના મનોવિનોદ માટે ઇ. ૧૦૬૩ અને ૧૦૮૧ની વચ્ચે આ ગ્રંથ લખ્યો. તેમાં ૧૮ લમ્બક(પરિચ્છેદ)/૧૨૪ તરંગ અને ૨૧૬૮૮ શ્લોક છે. બૃહત્કથાના અનુવાદોમાં આ અનુવાદ સર્વાધિક લોકપ્રિય છે. તેમણે મૂળકથામાં ફેરફાર કર્યા વિના કાવ્યના એટલા અંશને જોડયો છે જેનાથી કહાની/કથાના રસને હાનિ ન થાય. પાણ્ડિત્યના યશના લોભ માટે તેમનો આ પ્રયત્ન નથી. તેમનો ઉદ્દેશ્ય છે અનેક કથાઓના સમૂહને સરળતાથી સ્મૃતિ(સ્મરણ)માં રાખી શકાય.

औचित्यान्वयरक्षा च यथा शक्ति विधियते ।
कथारसाविद्यातेन काव्यांशस्य च योजना ॥
वैदग्धख्यातिलोभाय मम नैवायमुद्यमः ।
किन्तु नानाकथाजालस्मतिसौकर्यसिद्ध्ये ।[५]

**पञ्चतन्त्रम्**

પંચતંત્રમાં જે કથાઓમાં સંગ્રહ છે તે ભારતમાં પ્રાચીન છે. તેના ભિન્ન ભિન્ન પ્રાન્તોમાં અનેક સંસ્કરણ થયા. પંચતંત્ર વિપુલ સાહિત્યનો પ્રતિનિધિ ગ્રંથ છે. તેમાં

પાંચ તંત્ર છે -મિત્રભેદ, મિત્રલાભ, સન્ધિવિગ્રહણ, લબ્ધપ્રણાશ તથા અપરીક્ષિતકારક. પ્રત્યેક તંત્રમાં મુખ્ય કથા તો એક જ છે પરંતુ તેના અંગોને પુષ્ટ કરવા અનેક ગૌણ કથાઓ કહેવામાં આવી છે. ગ્રંથકારનો ઉદ્દેશ સદાચાર અને નીતિનું શિક્ષણ આપવાનો છે. કહેવાય છે કે માહિલારોપ્ય નામના નગરમાં અમરકીર્તિ નામના રાજાના મૂર્ખ પુત્રોને વિદ્વાન્ અને નીતિસમ્પન્ન બનાવવા વિષ્ણુશર્મા નામના પંડિતે પંચતંત્રની રચના કરી હતી. તેમાં આખ્યાત અને કથાઓ જેટલી મહત્ત્વપૂર્ણ છે તેટલી જ મહત્ત્વપૂર્ણ ઉપદેશમયી સૂકિતઓ છે. સૂકિતઓ તીક્ષ્ણ અને અનુભવજન્ય છે.જેમ કે.

यदशक्यं न तच्छक्यं यच्छक्यं शक्यमेव तत् ।
नोदके शकटं याति न नावा गम्यते स्थले ॥

અર્થાત્-"જે અશકય છે તે ગમે તે કરીને પણ શકય નથી થઈ શકતું, પરંતુ શકય વસ્તુ સદા શકય જ રહે છે. પાણીમાં કયારેય ગાડું ચાલી શકતું નથી અને ન નાવડું સ્થળ (ભૂમિ) પર જઇ શકે છે."

सर्वाः सम्पत्तयस्तस्य सन्तुष्टं यस्य मानसम् ।
उपानगूढपादस्य सर्वा चर्मावृतैव भूः ॥[६]

અર્થાત્- "સન્તુષ્ટ મનવાળા વ્યકિત માટે સર્વત્ર સંપત્તિઓ વિદ્યમાન રહે છે. ચામડાના જૂતાથી ઢંકાયેલા પગ વાળા પ્રાણીઓ માટે સમસ્ત પૃથ્વી ચામડાથી ઢંકાયેલી જ રહે છે." (૨/૭૧). **હિતોપદેશ-** પણ અત્યંત લોકપ્રિય ગ્રંથ છે. તેના રચયિતા નારાયણ છે. જે માણ્ડલિક રાજા ધવલચન્દ્રના આશ્રિત હતા. તેનો આધાર પંચતંત્ર છે. તેમાં ચાર ભાગ છે. મિત્રલાભ, સુહૃદભેદ, વિગ્રહ અને સન્ધિ. તેમાં ૬૭૯ નીતિ વિષયક પદ્ય છે. જે મહાભારત, ધર્મશાસ્ત્ર વગેરેમાંથી લેવામાં આવ્યા છે. બાળકોને નીતિની શિક્ષા કથા દ્વારા આપવી તે હિતોપદેશનું લક્ષ્ય છે. कथाच्छलेन बालानां नीतिस्तदिह कथ्यते (૧-૮) सिंहासनद्वात्रिंशिका (सिंहासन बतीसी) (વિક્રમ ચરિત) તથા शुकसप्ततिः પણ કથાગ્રંથો છે.

**સંસ્કૃત કથા સાહિત્યમાં શૈક્ષણિક તત્ત્વ ચિંતન**

**શિક્ષા-**

કથાસરિત્સાગર પ્રમાણે જ્ઞાનના માર્ગમાં અહંકાર એ મોટું વિધ્ન છે. જ્ઞાન વિના સો વ્રત કરો પણ મુકિત પ્રાપ્ત થતી નથી.આથી શિક્ષાનો અર્થ છે. - 'મુકિત'.

ज्ञानमार्गे ह्यहंकारः परिधो दुरतिक्रमः ।
ज्ञानं विना च नास्त्येव मोक्षो व्रतशतैरपि ॥[७]

જેનું ઉદાહરણ છે કથાસરિત્સાગરનું સિકતાવૃત્તાન્ત. (પ્રતિષ્ઠાન નામનું નગર-તપોદત્ત નામનો બ્રાહ્મણ-બાલ્યકાલે વિદ્યા અધ્યયન ન કર્યુ. -ગંગાતટે તપ- ઇન્દ્રનું તપ રોકવા બ્રાહ્મણ વેશે આગમન- ગંગાનદીના પ્રવાહમાં સિકતાક્ષેપણ-સેતુનિર્માણ અશકય તેમ તપથી વિદ્યા પ્રાપ્તિ પણ અશકય.આ કથાથી વિદ્યાનો અર્થ "અધ્યયન" એવો થાય. વ્યવહાર જ્ઞાન જેમ કે चतुर्णां ब्राह्मणभ्रातृणां कथा । कुसुमपुरनगर- विष्णुस्वामी- તેના ચાર પુત્રો. પંચતંત્ર પ્રમાણે શિક્ષાવિહીન મનુષ્યનો જન્મ વ્યર્થ છે. મૂર્ખ મનુષ્ય કરતા તેનો જન્મ ન થાય તે વધારે સારું.

अजात-मृत मूर्खेभ्यो मृताडजातौ सुतौ वरम् ।
यतस्तौ स्वल्पदुःखाय यावज्जीवं जडो दहेत् ॥[८]

જેમ જે ધેનુ વાછરડાને જન્મ આપતી નથી તે દુગ્ધદા બનતી નથી, તે નિરર્થક બને છે તેમ અવિદ્વાન્ એવા પુત્રનો જન્મ પણ નિરર્થક છે.

किं तया क्रियते धेन्वा या न सूते न दुग्धदा ।
कोडर्थः पुत्रेण जातेन, यो न विद्वान् वा भक्तिमान् ॥[९]

આથી સિદ્ધ થાય છે કે મનુષ્ય જીવનમાં શિક્ષા ઘણી જ મહત્ત્વની છે. આમ શિક્ષા જ જયોતિ છે. જેનાથી આ જીવન આલોકિત થાય છે. હિતોપદેશ અનુસાર શિક્ષા એટલે નીતિશાસ્ત્રમાં નૈપુણ્ય, વાણીમાં પ્રવીણતા અને સંસ્કૃતભાષામાં દક્ષતા.

श्रुतो हितोपदेशोडयं पाहवं संस्कृतोक्तिषु ।
वाचां सर्वत्र वैचित्र्यं नीतिविद्यां ददाति ॥[१०]

**શિક્ષાના ઉદ્દેશ્ય**

મુકિત એ શિક્ષાનો ઉદ્દેશ્ય પણ તેના માટે જ્ઞાનપ્રાપ્તિ આવશ્યક છે. જેમકે. કથાસરિતસાગરમાં મૂર્ખ સામવેદી બ્રાહમણનું વૃત્તાન્ત (સુપ્રતિષ્ઠત નગર- બ્રાહ્મણને દાનમાં આઠ સુવર્ણમુદ્રા-વિટની સલાહ- - ચતુરિકા નામની વેશ્યા પાસે જવાની સલાહ- મને લોક વ્યવહારની નિપુણતા શીખવ-લોકો હસવા લાગ્યા-ઊંચા અવાજે સામગાન કરવા લાગ્યો તે સાંભળીને વૈશ્યો વિટ વગેરે ભેગા થયા. આ શિયાળ ને અર્ધચંદ્ર આપીને બહાર કાઢો, अर्धचन्द्रं बाणं मत्वा मैं લોકવ્યવહાર શીખ્યો. પાછો વીટ પાસે ગયો વૃત્તાન્ત કહ્યો-અરે મૂર્ખ સામ એટલે શાંતિથી પ્રેમથી વર્તવાનું - વિટના કહેવાથી સુવર્ણ પાછું આપ્યું. આમ શિક્ષાનો ઉદ્દેશ વ્યવહાર જ્ઞાન પ્રાપ્તિ છે. **પંચતંત્ર** પ્રમાણે શિક્ષણનો ઉદ્દેશ્ય છે- જીવનને સફળ બનાવવું. તે માટે પણ વ્યાવહારિક જ્ઞાન આવશ્યક છે. શિક્ષાપ્રાપ્તિનો ઉદ્દેશ છે.- મનુષ્યની વિચારશકિત, બુદ્ધિનો વિકાસ. જેમ કે પંચતંત્રની અપરિક્ષિતકારકની सिंहकारकमूर्ख- ब्राह्मणत्रयकथा । આમ, પંચતંત્ર પ્રમાણે પુસ્તકીયા જ્ઞાનની

સાથે વ્યવહારજ્ઞાન પણ આવશ્યક છે, જેનાથી સંસારમાં સફળતા પૂર્વક જીવનયાપન શક્ય બને છે. **હિતોપદેશ** પ્રમાણે જેમ ઘાસ-પાંદડા વગેરે તુચ્છ વસ્તુઓ માટે સમુદ્રપ્રાપ્તિ દુષ્કર છે. પરંતુ નદીના સંગમથી તે વસ્તુઓ સરળતાથી સમુદ્રને પ્રાપ્ત કરે છે, તેમ સામાન્ય લોકો માટે રાજા દુષ્પ્રાપ્ય છે, પરંતુ વિદ્યાપ્રાપ્તિથી સામાન્ય મનુષ્ય પણ દુષ્પ્રાપ્ય એવા રાજાની કૃપા પ્રાપ્ત કરે છે. માટે ઇચ્છિત સ્થાન પ્રાપ્તિ માટે વિદ્યાભ્યાસ કરવો જોઈએ.

संयोजयति विद्यैव नीचगापि नरं सरित्।
समुद्रमिव दुर्घर्षं नृपं भाग्यमतः परम्।
विद्या ददाति विनयं विनयाद् याति पात्रताम्।
पात्रत्वात् धनमाप्नोति धनात् धर्मं ततः सुखम्॥[११]

વિદ્યાનો બીજો પણ ઉદ્દેશ્ય છે- संशयच्छेदनम्। संशयात्मा विनश्यति। આથી શાસ્ત્રોનું જ્ઞાન સંશયોનું નિવારણ કરવા માટે અને પરોક્ષ અર્થાત્ ગુપ્ત અર્થના દર્શન માટે હોય છે.

अनेकसंशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम्।
सर्वस्य लोचन शास्त्रं यस्य नास्त्यन्ध एव सः। [१२]

**શિક્ષણ વિધિ**

શિક્ષણપ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ તત્ત્વ હોય છે શિક્ષણ વિધિ. કારણ કે કાર્યની સફળતા માટે યોગ્ય પદ્ધતિ આવશ્યક છે. જેમકે કથાસરિત્સાગરમાં શ્રવણવિધિનું વર્ણન. વરરુચિના બાલ્યકાળમાં બે બ્રાહ્મણ અતિથિ પધાર્યા. વરરુચિ એકવાર સાંભળીને હૃદયમાં ધારણ કરે છે એવું તેની પ્રતિભા વિશે જાણ્યું ત્યારે તેમણે એકશ્રુતધર એવા વરરુચિની પરીક્ષા કરવા તેને પ્રાતિશાખ્ય ભણાવ્યા પછી વરરુચિએ સમગ્ર પ્રાતિસાખ્ય તેમની સમક્ષ સંભળાવ્યું.

विज्ञासार्थमथाभ्यां मे प्रतिशाख्यमपठत।
तथैव तन्मया सर्वं पठितं पश्यतोस्तयोः॥[१३]

મૂર્તથી અમૂર્ત શિક્ષણનો સિદ્ધાન્ત પણ કથાસરિત્સાગરના પૂર્વોક્ત સિકતાસેતુની કથામાં જોવા મળે છે.

સિંહાસન દ્વાવિંશિકાનુસાર... ચર્ચા વિધિથી પણ જ્ઞાન પ્રાપ્તિ થાય છે. उक्तं च

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम्।
व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा॥[१४]

પંચતંત્રએ નવી પદ્ધતિ આપી તે છે, કથાવિધિ. કથાના માધ્યમથી શિક્ષણ આપીને મૂર્ખને પણ વિદ્વાન્ બનાવી શકાય. સુકોમળ એવા બુદ્ધિવાળા બાળકોને શિક્ષણ પ્રદાન કરવાની આ ઉત્તમ પદ્ધતિ છે. આ પદ્ધતિને હિતોપદેશ પણ માને છે. હિતોપદેશ ક્રિયા આધારિત શિક્ષણની વાત કરે છે. જેમ વિધવા સ્ત્રી માટે આભૂષણ નિરર્થક બને છે તેમ ક્રિયા વિના શિક્ષણ નિરર્થક બને છે.

अवशेन्द्रियचित्तानां हस्तिस्नानमिव क्रिया।
दुर्भागाडडभरणप्रायो ज्ञानं भारः क्रियां विना॥[१५]

હિતોપદેશ સ્વાધ્યાય વિધિનો પણ ઉલ્લેખ કરે છે. અંજનનો થોડા થોડા પ્રયોગથી ક્ષય અને વલ્મીક (રાફડા) નો થોડું થોડું કરીને જે સંચય થાય તે જોઇને મનુષ્યે પ્રતિદિન દાન અને અધ્યયન વગેરે કર્મ કરવું જોઇએ.

अञ्जनस्य क्षयं दृष्ट्वा वल्मीकस्य च सञ्चयम्।
अवन्ध्यं दिवसं कुर्याद्धानाध्ययनकर्मसु॥[१६]

**પાઠયક્રમ-**

શિક્ષણ આપવા કોઇ યોજનાની આવશ્યકતા હોય છે. શિક્ષા આપવા જે યોજના કરવામાં આવે તે પાઠયક્રમ છે. જ્ઞાન તો મોટો સમુદ્ર છે, તેથી પંચતંત્ર કહે છે જે સારભૂત હોય તેનું ગ્રહણ કરવું જોઇએ. अनन्तपारं किल शब्दशास्त्र स्वल्पं तथायुर्बहवश्च विघ्नाः।

પંચતંત્ર વ્યાવહારિક વિદ્યા પર જોર આપે છે. તેથી પાઠ્યક્રમમાં એવા વિષયોનો વિનિયોગ કરવો જોઇએ કે જેનાથી લોકોને વ્યવહારમાં નિપુણતા પ્રાપ્ત થાય. જેમકે રાજનીતિશાસ્ત્ર, નૈતિકશિક્ષા, શારીરિક શિક્ષા, કલા, સમાજશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન, ભૂગોળ, અર્થશાસ્ત્ર વગેરે.... હિતોપદેશ પ્રમાણે બે પ્રકારની વિદ્યાઓનો પાઠ્યક્રમ હોવો જોઇએ-શાસ્ત્રવિદ્યા અને શસ્ત્રવિદ્યા. તેમાં શાસ્ત્રવિદ્યા શ્રેષ્ઠ છે કારણ કે શાસ્ત્રવિદ્યા વૃદ્ધાવસ્થામાં હાસ્યાસ્પદ બને છે, પરંતુ શસ્ત્રવિદ્યાનું ગ્રહણ ગમે ત્યારે કરી શકાય.

विद्या शस्त्रस्य शास्त्रस्य द्वे विद्ये प्रतिपत्तये।
आद्या हास्याय वृद्धत्वे द्वितीयाद्रियते सदा॥[१७]

**ગુરુ, શિષ્ય અને તેમનો સંબંધ-**

ગુરુ શિષ્યની શકિત જોઇને તેને ભણાવતા. કથાસરિત્સાગર કહે છે તે પ્રમાણે હું વરરુચિ એક વારમાં ગ્રહણ કરું છુ, વ્યાડિ બે વારમાં અને ઇન્દ્ર ત્રણ વારમાં ગ્રહણ કરે છે.

सकृच्छ्रुतं मया तत्र द्विं श्रुतं व्यडिना तथा
त्रिश्रुतं चेन्द्रदत्तेन गुरुणोक्तमगृह्यत॥[१८]

જયાં સુધી શિષ્ય ગ્રહણ ન કરે ત્યાં સુધી ગુરુ ભણાવતા. વળી જ્ઞાનપ્રદાનમાં કોઇ પણ ગુરુ બની શકે. જેમ સોમપાઠી બ્રાહ્મણ માટે વેશ્યા ગુરુ. કથાસરિત્સાગરમાં આલજાલ કથામાં કુટ્ટિની ગુરુ છે. શિષ્ય જો અસફળ થાય તો તેમાં ગુરુનો દોષ ગણાય તેવું આ વાર્તામાં સ્પષ્ટ થાય

છે. ગુરુ ક્ષમા આપનાર હોવા જોઇએ જેમ કે મૂર્ખ શિષ્યોની કથાસરિત્સાગરની કથા. ગુરુની શિક્ષા ત્યારે જ સફળ થાય જયારે તેમને યોગ્ય શિષ્ય મળે. કથાસરિત્સાગર કહે છે કે પ્રાજ્ઞ વ્યકિતએ કયારેય મૂર્ખ શિષ્ય ન સેવવા. તેમને ઉપદેશ આપવાથી બંને લોકનો નાશ થાય છે.

द्वौ लोकौ नाशयन्त्ये मूर्खा मूर्खोपदेशतः ।
तस्मान्मूर्खान्न सेवेत प्राज्ञः सेवेत पण्डितान् ॥[१९]

પંચતંત્રનો રચનાકાર ગુરુ કેવો ? જયારે વિષ્ણુશર્માને બોલાવી રાજા પોતાના પુત્રોને વિદ્વાન્ બનાવવા કહે છે ત્યારે વિષ્ણુશર્મા રાજાને જણાવે છે કે नाहं विद्याविक्रयं शासनशतेनापि करोमि । नाहमर्थलिप्सुर्बवीभि આ બધાથી જ્ઞાન થાય કે તે ધનલોલુપ ન હતા, વિદ્યાવિક્રય ન કરતા, દઢપ્રતિજ્ઞ હતા, નિર્ભીક હતા, વિદ્યાપ્રદાન પોતાનું કર્તવ્ય સમજતા હતા, મહાવિદ્વાન્ હતા, નૂતનવિધિના જાણકાર હતા. તેથી તો છ માસમાં વિદ્વાન્ બનાવવાની પ્રતિજ્ઞા કરી લીધી. આ ગુણો આધુનિક શિક્ષકોએ પણ ગ્રહણ કરવા જોઇએ. શિષ્ય સત્પાત્ર હોવા જોઇએ - જેમ કે सूचीमुखवानरकथा । મૂર્ખને ઉપદેશ આપવાથી તેમની શાન્તિ થતી નથી પરંતુ ક્રોધ વધે છે.

उपदेशो हि मूर्खाणां प्रकोपायन शान्तये ।
पयः पान भुजङ्गानां केवलं विषवर्धनम् ।

આમ શિક્ષા ત્રિધ્રુવી પ્રકિયા છે તેવું જોન ડી.વી. મહોદય કહે છે. આ ત્રણ ધ્રુવ છે- गुरुः शिष्यः पाठ्यचर्या । આ બધા કથા ગ્રન્થોના આધારે ગુરુશિષ્યના સંબંધો પણ મધુર હોવાનું જણાય છે. વિદ્યાપ્રાપ્તિ માટે શિષ્યો ગુરુ પાસે વિનમ્રપૂર્વક જતા. ગુરુ પણ ઇચ્છતા पुत्रात् शिष्यात् पराजयमिच्छेत् । શિક્ષણ સંસ્થાઓ પણ બધા બાળકોને સમાન રૂપથી પક્ષપાત વિના શિક્ષણ આપે તેવી હોવી જોઇએ. જયાં સુધી વિદ્યાધ્યયન ચાલતું ત્યાં સુધી છાત્ર શિક્ષણ સંસ્થામાં જ રહીને ભણતો. લેખિત કોઇ ડિગ્રી/પદવી નહિ. ગુરુને લાગે અને યોગ્યતા જણાય ત્યારે તેને આચાર્ય બનાવતા. કથાગ્રંથોની આ કથાઓ નૈતિકશિક્ષા, પરોપકાર, ધૈર્ય, પરિશ્રમ, સત્ય સામાજિક શિક્ષણ વગેરેનો ઉપદેશ આપનારી છે. તે કથાઓ વિશ્વબન્ધુતા, સ્વદેશ પ્રેમ, અહિંસા, ધર્મ, સત્સંગતિ, દાન, કૃતજ્ઞતા વગેરે જેવા તત્ત્વોની સાથે આધ્યાત્મિક શિક્ષણ પણ મનોરંજનની સાથે સાથે આપે છે.

સંદર્ભ


१ संस्कृत साहित्य का इतिहास- आचार्य बलदेव उपाध्याय कथासाहित्य पृ. ४३२-४३४ ।
२ संस्कृत साहित्य का इतिहास-आचार्य बलदेव उपाद्याय कथा साहित्य पृ. ४-३४-४३४
३ तिलकमंजरी-धनपाल
४ हर्षचरितम्- पद्यम्-१७
५ कथासरित्सागरः १-११-१२
६ हितोपदेशः १-८
८ पञ्चतन्त्रम्-कथामुखम्-४
९ पचितन्त्रम्- कथामुखम्- ६
१० हितोपदेशः प्रस्तावना-२
११ हितोपदेशः प्रस्तावना पृ.६
१२ हितोपदेश- प्रस्तावना-१०
१३ कथासरित्सागरः १-२-३८
१४ सिंहासनद्वाविंशिका-३
१५ हितोपदेशः १-१८
१६ हितोपदेशः २-१२
१७ हितोपदेशः प्रस्तावना
१८ कथासरित्सागरः १-२-८०
१९ कथासरित्सागरः १०-६-१७७

ग्रन्थां

१ संस्कृत साहित्य का इतिहास-आचार्य बलदेव उपाध्याय - शारदा निकेतन वाराणसी
२ कथासरित्सागरः-सोमदेवः, बिहार राष्ट्रभाषा परिषद, पटना, १९६०
३ पञ्चतन्त्रम्- विष्णुशर्मा, चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी।
४ हितोपदेश-नारायणपण्डित, निर्णयसागर प्रेस मुम्बई १९४७
५ सिंहासनद्वात्रिंशिका- जीवानन्द विद्यासागर-पञ्कज पब्लिकेशन, दिल्ली- २००३
६ शिक्षा में नवचिन्तन-सिंह राजपाल, विनोद पुस्तक मन्दिर आधार- १९८३
७ संक्षेप पञ्चन्त्रम्- डॉ. विश्वास, संस्कृतभारती बेङ्गलूरू (द्वौ भागौ)
८ संक्षेप-शुकसप्ततिः, डॉ. विश्वासः संस्कृतभारती, बेङ्गलूरू



(આસિ. પ્રોફેસર, અનુસ્નાતક સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, મો:૯૮૭૯૮૩૪૦૭૧)

# વિશ્વવિદ્યાલય ગ્રંથપાલ : માહિતી અને જ્ઞાન માટે એક શક્તિશાળી સંસાધન

જિગ્નેશ મકવાણા

**સાર :**

માનવમન અમર્યાદિત છે, જ્યારે તેની જરૂરિયાત સંતોષવાના સાધનો મર્યાદિત છે. એટલે કે તેમાં પસંદગી ને અવકાશ રહે છે. ઉદાહરણ રૂપ કહી શકાય કે જો આપણે પગે ચાલીને જતા હોય તો સાઈકલ, જો સાઈકલ હોય તો સ્કુટર, જો સ્કુટર હોય તો મોટરકાર, બસ આ પ્રમાણે એક ઈચ્છા પૂર્ણ થતા બીજી ઈચ્છાનો જન્મ થાય છે. જો કે મનુષ્ય સ્વભાવે ચિંતનશીલ અને જિજ્ઞાસુ પ્રાણી હોવાથી નિતનવીન શોધખોળ કર્યા જ કરે છે. જે તેમના જીવનને ભૌતિક સુખ, સમાજમાં ઉચ્ચસ્થાન અને આત્મસંતોષ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે.

અહીં કહી શકાય કે માત્ર પોતાના વિચારોનાં આધાર પર જ આગળ વધવા કરતા મનુષ્ય શિક્ષણ દ્વારા પોતાની બુદ્ધિ શક્તિનો વિકાસ કરે છે. જેમાં પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી વિશિષ્ટ પ્રતિભા સંપન્ન વ્યક્તિ તરીકે આગળ વધે છે. અને પોતાના વિચારોને પ્રમાણભૂત સ્વરૂપ આપે છે. કહેવાનો મતલબ એ જ કે ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ પુરું પાડતા ગ્રંથાલયો અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રહેલ માનવ સંસાધન જે તે વ્યક્તિના બુદ્ધિઆંક ને ઉચ્ચકક્ષાએ લઈ જવા, નવીન શોધ કર્તા તરીકે સ્થાન અપાવવા અને વ્યક્તિને પ્રતિભા સંપન્ન બનાવવા હમેંશા અગ્રેસર રહે છે.

**ચાવીરૂપ શબ્દો :**

વિશ્વવિદ્યાલય, ગ્રંથાલય, ગ્રંથપાલ, ઉચ્ચશિક્ષણ, સંશોધન, માહિતી સંસાધન, કાર્યો અને જવાબદારી

**પ્રસ્તાવના :**

ભારતનો સાક્ષરતા દર અન્ય વિકસિત દેશોની તુલનામાં ઘણો ઓછો છે.  ગુજરાત રાજ્યના સંદર્ભમાં કહીએ તો ૨૦૧૧ નાં Census પ્રમાણે સાક્ષરતા દર ૭૯.૩૧% છે. એ પણ હકીકત છે કે વ્યક્તિ શિક્ષિત હશે તો કુટુંબ શિક્ષિત બનશે, કુટુંબ શિક્ષિત હશે તો સમાજ શિક્ષિત બનશે અને સમાજ શિક્ષિત હશે તો શહેર, રાજ્ય અને દેશ શિક્ષિત બનશે. ભારત જેવા દેશમાં લોકશાહીની ખરી સફળતાનો આધાર તેની પ્રજાના વિચારો પર રહેલ છે. શિક્ષિત પ્રજા જ પોતાના તંદુરસ્ત વિચારોને લોકો સમક્ષ રજૂ કરી શકે છે, તો શિક્ષણ ક્ષેત્રે પગલા લેવાવા જરૂરી છે. એટલે કે શિક્ષણ ક્ષેત્રનો વિકાસ કરવા વિવિધ પ્રકારના પ્રયત્નો કરવામાં આવે છે અને તે માટે જે તે દેશની સરકાર અને ગ્રંથાલયોનો તો વિશિષ્ટ ફાળો છે.

શિક્ષણ અને ગ્રંથાલયના સંબંધમાં કહી શકાય કે શિક્ષણ અને ગ્રંથાલય એક રીતે Twin Sister છે. બન્નેને એકબીજાથી અલગ ન કરી શકાય. કોઈપણ શૈક્ષણિક સંસ્થા એક ઉત્તમ અને વ્યવસ્થિત ગ્રંથાલય વગર અધૂરી જ છે. કારણ કે એક બાજુ શૈક્ષણિક સંસ્થા પોતાના દરેક શિક્ષણ કાર્યો ને પુરા કરે છે, તો બીજી બાજુ ગ્રંથાલય અપેક્ષિત વાંચન સામગ્રીને યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને, યોગ્ય પ્રમાણમાં પૂરી પાડી તેની શૈક્ષણિક સંસ્થાને પ્રોત્સાહન પુરું પાડે છે. આમ માહિતી અને જ્ઞાનનાં સંસાધન તરીકે, શૈક્ષણિક સંસ્થા તરીકે વિશ્વવિદ્યાલય ઉચ્ચ શિક્ષણ પુરું પાડે છે તો વિશ્વવિદ્યાલય ગ્રંથાલય જે તે સંસ્થા માટે સહાયક કામગીરી કરે છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેવા છતાં એટલેકે શૈક્ષણિક સંસ્થા તરીકે વિશ્વવિદ્યાલય અને ગ્રંથાલયો હોવા છતાં કે ગ્રંથાલયોમાં અનુકુળ પરિસ્થિતિ, આદર્શો, કાર્યો, ગ્રંથાલય નીતિ, અનુરૂપ બજેટ, જ્ઞાન સામગ્રીનો ઉત્તમ સંગ્રહ તથા કાર્યકુશળ કર્મચારીગણની વ્યવસ્થા હોવા છતાં સમગ્ર ગ્રંથાલયની સફળતાનો આધાર ગ્રંથપાલ પર રહેલો છે. આ પ્રમાણ દેવાની કોઈ જરૂરિયાત નથી કે ગ્રંથાલયના સમગ્ર સંચાલનનું અત્યંત કઠીન કાર્ય એ ગ્રંથપાલનું છે. વિશ્વવિદ્યાલય ગ્રંથાલયમાં ગ્રંથપાલ એક મેનેજર અને કંટ્રોલર છે, તે નિયામક, મુખ્ય સંચાલક અને આયોજક છે. ઉપરાંત ગ્રંથાલયની તમામ બાબતોમાં જવાબદાર વ્યક્તિ છે.

**અર્થ અને વ્યાખ્યા :**

**વિશ્વવિદ્યાલય :**

વિશ્વવિદ્યાલય એટલે University જે શૈક્ષણિક સંસ્થાના માળખામાં સૌથી ઉપર આવે છે. અને આ વિશ્વવિદ્યાલય માટે કહી શકાય કે ઉચ્ચશિક્ષણ અને સંશોધનના કાર્યો બહોળા પ્રમાણમાં વિશ્વવિદ્યાલયમાં થતા હોય છે. ઈચ્છિત વિષય પર અહીં ખાસ શિક્ષણ અને અધ્યયન તેમજ શિક્ષણાર્થીને વિશેષ અધિકાર પ્રાપ્ત થાય છે. આ રીતે આ કેન્દ્ર જ્ઞાન અને વિજ્ઞાનનો સુમેળ છે. મૌલિક વિષયોનું અહીં સર્જન થાય છે.

**ગ્રંથાલય :**

પુસ્તકાલય અથવા ગ્રંથાલય માટે જર્મનમાં

Bibilotheck, સ્પેનિશમાં Bibliotheca, ફ્રેન્ચમાં Bibliotheque, ઇટાલિયનમાં Biblioteca, રશિયનમાં Bibliotek, જે હિન્દીમાં ગ્રંથાગાર, સંસ્કૃતમાં ગ્રંથાગાર અને પુસ્તકાગાર શબ્દપ્રયોગ થયેલ છે જ્યારે અંગ્રેજીમાં Library જે લેટીન ભાષાના શબ્દ Liber પરથી ઉતરી આવેલ છે.

વાસ્તવમાં ગ્રંથાલય દરેક પ્રકારની વાંચન સામગ્રી સંગ્રહિત અને વ્યવસ્થિત કરે છે, કે જેનો ઉપયોગ વાંચન, વિચાર વિમર્શ, અધ્યયન અને સંશોધન માટે થાય છે.

**વિશ્વવિદ્યાલય ગ્રંથાલય :**

વિશ્વવિદ્યાલય માટે ગ્રંથાલયનો ખ્યાલ હૃદય સમાન છે, કે જે શીખવવા, ઉચ્ચ શિક્ષણમાં મદદરૂપ થવા, સંશોધનને આગળ વધારવા ઉપરાંત સ્થાનિક, રાષ્ટ્રીય અને સામાજિક સબંધમાં દેશ પ્રત્યે પણ તેની ફરજો છે. સામાન્ય રીતે ચોક્કસ પ્રકારના ઉપયોગકર્તાની જરૂરિયાત પૂર્ણ કરવા તે વિશ્વવિદ્યાલયનાં નીતિ નિયમો પ્રમાણે કાર્યરત હોય છે.

**વિશ્વવિદ્યાલય ગ્રંથપાલ :**

વિશ્વવિદ્યાલય ગ્રંથાલયની બધીજ સામગ્રીઓ અસરકારક હોવા છતાં તે અચેતન છે. તે પોતાની જાતે ઉપયોગમાં આવવા માટે વાંચકો પાસે દોડી જઈ શકતી નથી. આથી જ વિશ્વવિદ્યાલય ગ્રંથાલયની તમામ સગવડતાને તેની સાર્થકતા માટે માનવીય મદદ પર નિર્ભર રહેવું પડે છે, તો ગ્રંથપાલ આ અચેતન માહિતી સામગ્રીમાં પ્રાણ પૂરવાનું કાર્ય કરે છે.

વિશ્વવિદ્યાલય ગ્રંથપાલમાં વિશિષ્ટ લાયકાત, શૈક્ષણિક લાયકાત, અનેક વિષયોનું જ્ઞાન, સંચાલનમાં યોગ્ય કુનેહ અને અનુભવ આવશ્યક છે. તે સાચા અર્થમાં માહિતી અને જ્ઞાનના શક્તિશાળી સંસાધન તરીકે કાર્ય કરવા સક્ષમ હોય છે.

**વિશ્વવિદ્યાલય અને વિશ્વવિદ્યાલય ગ્રંથાલયની વિકાસગાથા:**

બ્રિટીશકાળ દરમિયાન વુડના ઘોષણાપત્ર અનુસાર Calcutta, Mumbai, Madras વિશ્વવિદ્યાલયનો સૌપ્રથમ આરંભ થયો અને આ ત્રણેય વિશ્વવિદ્યાલયોનું માળખું University of London અનુસાર હતું. શરૂઆતના સમયમાં આ ત્રણેય વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણ અને સંશોધન પર ધ્યાન આપવામાં આવેલ ન હતું. તેમજ તેઓનું મુખ્ય કાર્ય પરીક્ષાઓનું સંચાલન કરવું તેમજ ડિગ્રીઓ વહેંચવા સુધી જ હતું. પરિણામે ગ્રંથાલયોની જરૂરિયાત ઉપર ધ્યાન આપવામાં આવેલ હતું જ નહિ. શિક્ષણ પદ્ધતિ ગ્રંથાલય આધારિત હોવી જોઈએ, આ વાત પણ ખૂબજ લાંબા સમય પછી ધ્યાનમાં આવેલ.

જો કે સ્વતંત્ર ભારતમાં વિશ્વવિદ્યાલય – વિશ્વવિદ્યાલય ગ્રંથાલયની પ્રવૃત્તિમાં ખૂબજ વેગ આવેલ હતો અને વિવિધ વિશ્વવિદ્યાલયો તેમજ તેની સ્થાપના સાથે જ ગ્રંથાલયોની સ્થાપના થવા લાગી. ખાસ કરીને ભારતીય ગ્રંથાલય શાસ્ત્રના પિતામહ ડો.એસ.આર. રંગનાથન દ્વારા ગ્રંથાલયો, શિક્ષણ, સંશોધન કાર્યપદ્ધતિમાં નોંધપાત્ર સુધારો થયેલ. વિશ્વવિદ્યાલય માટે કહીએ તો State Government University, Central Government University, Deemed University, Private University, Distance Learning Universityનો ફેલાવો, માહિતી અને જ્ઞાનના સ્તરમાં વધારો કરવા માટે સ્થપાઈ તો ગ્રંથાલયોની બાબતમાં લોકોમાં જે ચેતના જાગૃત થઇ તેમાં,

- દેશમાં પહેલા કરતા વધારે ગ્રંથાલય ચેતના જાગૃત થઈ.
- દેશમાં ગ્રંથાલય વિજ્ઞાનના અભ્યાસક્રમો કે જે Bachelro, Master, Research કક્ષાએ શરૂ થયા.
- દેશમાં ગ્રંથાલય શિક્ષણ મેળવેલ અનેક ગ્રંથપાલો તૈયાર થયા.
- ગ્રંથાલય આંદોલન સક્રિય બનાવવા અનેક નેતા, કાર્યકર્તાઓ આગળ આવ્યા.

વિશ્વવિદ્યાલય અને વિશ્વવિદ્યાલય ગ્રંથાલયોનો યોગ્ય વિકાસ થાય તે માટે વિવિધ કમિશનો, કમિટીઓની રચના કરવામાં આવેલ જેમાં,

- ભારતીય શિક્ષણ પંચ ૧૮૮૨
- ભારતીય વિશ્વવિદ્યાલય પંચ ૧૯૦૨
- કલકત્તા વિશ્વવિદ્યાલય પંચ ૧૯૧૭
- વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચ ૧૯૪૮– ૪૯
- માધ્યમિક શિક્ષણ પંચ ૧૯૫૨– ૫૩
- UGC ગ્રંથાલય સમિતિ ૧૯૫૭– ૫૮
- શિક્ષણ પંચ ૧૯૬૪ – ૬૬
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંશોધન ૧૯૯૨

તો UGC દ્વારા પણ ઉચ્ચ શિક્ષણ પુરું પાડતી સંસ્થાઓના ગ્રંથાલયોની સ્થિતિ, તેનો વિકાસ અને સુધારા વધારા માટે કેટલીક કમિટી અને કમિશનની રચના કરેલ. જેમાં,

- ગ્રંથાલય સમિતિ ૧૯૫૭
- ગ્રંથાલય વિજ્ઞાન સમીક્ષા સમિતિ ૧૯૬૧
- પાલ સમિતિ ૧૯૭૦

- મેહરોત્રા સમિતિ ૧૯૮૩
- INFLIBNET ૧૯૮૮

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન આધારિત પાઠ્યક્રમ વિકાસ સમિતિ ૧૯૯૦ – ૯૩ અને ૨૦૦૧ નો સમાવેશ થાય છે. મતલબ કે સમાજમાં માહિતી અને જ્ઞાનની આવશ્યકતા ધ્યાનમાં રાખી વિશ્વવિદ્યાલય અને વિશ્વવિદ્યાલય ગ્રંથાલયને માહિતી અને જ્ઞાનની પ્રાપ્તિમાં શક્તિશાળી સંસાધન માની તેના વિકાસ માટે સરકાર દ્વારા પ્રયત્નો થતા જ રહ્યા. આજે માત્ર ગ્રંથાલયો જ નહિ Infromation Center, Infromation Analysis Center, Data Center, Documentation Center, Referral Center દ્વારા પણ વિવિધ સેવાઓ આપવામાં આવે છે જે માહિતી અને જ્ઞાનનો ફેલાવો કરવામાં વિશેષ મદદરૂપ બને છે.

**વિશ્વવિદ્યાલય અને વિશ્વવિદ્યાલય ગ્રંથાલયના કાર્યો :**

વિશ્વવિદ્યાલયના મુખ્ય કાર્યોને મુખ્યત્વે પાંચ તબક્કામાં વહેંચવામાં આવે છે.

**અધ્યયન કાર્ય અને અધ્યાપન કાર્ય :**

વર્તમાન સમયમાં વિશ્વવિદ્યાલયો આ કાર્ય ગ્રંથાલયોના સહકારથી કરે છે. જે સહકાર આ પ્રમાણે છે.

૧. અધ્યયન અને અધ્યાપન કાર્યને પૂર્ણ કરવા વિષય નિષ્ણાતો અને વિદ્યાર્થીઓને વાંચન સામગ્રી પૂરી પાડે છે.
૨. વિદ્યાર્થીઓને ગ્રંથાલય શિક્ષણ આપવાનું કાર્ય એટલે કે વધુ ને વધુ તેમજ પ્રભાવશાળી રીતે ગ્રંથાલયનો ઉપયોગ કરવા માટે શિક્ષણ આપવું.
૩. નિર્ધારિત અભ્યાસક્રમથી પણ વધારે અભ્યાસ કે વાંચન માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તેમજ સંતોષ – આનંદ પ્રાપ્ત થાય અને આજીવન સ્વાધ્યાય માટે વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવા.

**નવીન જ્ઞાનનું સર્જન અને સંશોધન પ્રવૃત્તિ :**

**મુખ્ય મુદ્દામાં**

૧. જ્ઞાનના વિવિધ તથા નવા – નવા વિભાગો શોધવા તેમજ નવી ક્ષિતિજો વિકસાવવી.
૨. વિવિધ ભૌતિક ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે જ્ઞાનના ક્ષેત્રોનો સતત વિકાસ કરવો.
૩. પ્રકૃતિના ગૂઢ રહસ્યો અંગે માનવ જિજ્ઞાસા સંતોષવા કાર્ય કરવું.
૪. જ્ઞાન વિશ્વ સતત વિકાસશીલ છે આ બાબત ધ્યાનમાં રાખી જ્ઞાન વિશ્વની સીમા નિરંતર વધારતા જવી.
૫. માનવ વસ્તીમાં વધારો તેમજ જરૂરિયાતમાં થઈ રહેલ વધારો અને વિવિધ માંગની પૂર્તિ કરવા કૃત્રિમ તેમજ નવીન સાધન સામગ્રીની શોધ કરવી.

ઉપરોક્ત કાર્યોની પૂર્તિ માટે Research આગળ પડતું સ્થાન ધરાવે છે. તો વિશ્વવિદ્યાલયો સંશોધન સંસ્થા રૂપ Fundamental Research, Development Research, Applied Research માં માર્ગદર્શન પૂરું પાડે છે.

**પ્રસાર અને પ્રકાશન કાર્ય :**

**Publication Division** કાર્યમાં

૧. વિશ્વવિદ્યાલય કક્ષાએ ગ્રંથાલયો કે પ્રયોગશાળામાં થયેલ સંશોધનનાં પરિણામો ને પ્રકાશિત કરવાનું કાર્ય કરવાની જવાબદારી વિશ્વવિદ્યાલયની જ રહે છે, કે જેથી અન્ય સંશોધન કાર્ય માટે તેનો ઉપયોગ અને સંશોધન કાર્યમાં બિનજરૂરી ડુપ્લીકેશન અટકાવી શકાય છે.
૨. વિશ્વવિદ્યાલયના વિષય નિષ્ણાતો દ્વારા લખાયેલ સાહિત્યનું પ્રકાશન કાર્ય કરવું કે જેથી પ્રકાશન કાર્ય માટે પ્રકાશકોની શોધ કરવા વ્યક્તિગત જવાબદારીમાંથી મુક્તિ મળે તેમજ વધુ ને વધુ લેખો, પુસ્તકો લખવા પ્રોત્સાહન કે ઉત્સાહ જળવાઈ રહશે.
૩. શિક્ષણ અને સંશોધન માટે વિશ્વવિદ્યાલય ગ્રંથાલય મારફત સંકલિત ગ્રંથસૂચીઓનું કાર્ય કે પ્રકાશન કાર્ય કરવું.

**જ્ઞાન અને વિચારોની જાળવણી કરવી :**

વિશ્વવિદ્યાલયનાં આ કાર્યને તેના શિક્ષણ કાર્ય અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવે છે તેમજ આ કાર્ય વિદ્વાનો અને વૈજ્ઞાનિકોની મદદથી કરવામાં આવે છે. જેમાં,

૧. શિક્ષણના માધ્યમ દ્વારા જ્ઞાન વિકેન્દ્રીકરણનું કાર્ય
૨. વિચારોને માન્યતા આપવા ગ્રંથ અથવા અન્ય માધ્યમનાં સ્વરૂપે તેને રજૂ કરવા.
૩. ઉપલબ્ધ જ્ઞાન તેમજ અન્ય સ્ત્રોતને ગ્રંથાલયો દ્વારા સુરક્ષીત અને ઉપયોગી બનાવવા.

**વિસ્તરણ કાર્ય અને સેવાઓ :**

જે તે વિશ્વવિદ્યાલય તેના પરંપરાગત કાર્ય ઉપરાંત શિક્ષણ અને જ્ઞાનના પ્રસાર માટે અનેક કાર્યો કરે છે. જે વિસ્તરણ કાર્ય અને સેવા રૂપ કાર્ય કહેવાય છે. જેમાં,

૧. વ્યાખ્યાનો અને પ્રવચનો
૨. પત્રવ્યવહાર અભ્યાસક્રમો
૩. ગ્રીષ્મકાલીન કોર્ષ અને રિફ્રેશર કોર્ષ
૪. રેડિયો – ટેલીવિઝન – દૃશ્ય શ્રાવ્ય વાર્તાલાપ

૫. પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ

ઉપરોક્ત દરેક કાર્યો દ્વારા વિશ્વવિદ્યાલય જ્ઞાન અને શિક્ષણનો ફેલાવો કરે છે અને સાચા અર્થમાં એક શક્તિશાળી સંસાધન સાબિત થાય છે. જ્યારે ડો. સોલેમન, રીચાર્ડ ડબલ્યુ લાઈહમ જેવા વિષય નિષ્ણાતોના શબ્દોને ધ્યાનમાં લેતા કહી શકાય કે કોઈપણ વિશ્વવિદ્યાલય એક સુસજ્જ અને સમૃદ્ધ ગ્રંથાલય વગર અસ્તિત્વ ના ધરાવી શકે અને માહિતી કે જ્ઞાનના પ્રસાર માટે મુખ્ય કાર્યો કરે છે તેમાં,

૧. ઉચ્ચ શિક્ષણમાં રસ ધરાવનાર સમુદાયને શિક્ષણ પૂરક સંદર્ભ સામગ્રી પૂરી પાડવાનું કાર્ય.
૨. જ્ઞાન વિસ્તરણ કાર્ય તેમજ નવા આવતા ઉપયોગકર્તા તેમજ વાંચકોને વાંચન ટેવ પૂરી પાડવાનું કાર્ય.
૩. સંશોધનમાં કાર્યરત સંશોધન કરનારને સંદર્ભ વાંચન સામગ્રી પૂરી પાડવાનું કાર્ય.
૪. વિશ્વવિદ્યાલયના વિષય નિષ્ણાતોને અભ્યાસક્રમ આધારિત વિષય સામગ્રી તેમજ વિદ્યાર્થી ઉપયોગકર્તાની જરૂરિયાત અનુસાર પુસ્તકો મંગાવી આપવાનું કાર્ય.
૫. ગ્રામ્ય, શહેર, જીલ્લા, રાજ્ય, રાષ્ટ્ર કે આંતર રાષ્ટ્રીય કક્ષાએ અન્ય ગ્રંથાલયો સાથે સહકાર સ્થાપવાનું કાર્ય.
૬. ઉપયોગકર્તા વર્ગને વિવિધ વિશિષ્ટ સેવાઓ જેમ કે Bibliographical, Documentation, Reference, Indexing, Abstracting Services પૂરી પાડવાનું કાર્ય.
૭. અગ્રંથ સામગ્રી કે જે વર્તમાન સમયમાં માહિતી સંગ્રહિત કરવા ઉપયોગી સાધનો છે. જેવા કે Microfilm, Microcard, Microfish, Map, Chart, Audio, Video, CD, DVD તેમજ Xerox, Reprographic વગેરે સેવાઓ પૂરી પાડવાનું કાર્ય.
૮. Inter Library Loan, Library Co-operation, Resource Sharing, Libaray Consortia માટે ગ્રંથાલયો ને પ્રોત્સાહન આપવાનું કાર્ય.
૯. Central Library અને Departmental Library સહકાર નું કાર્ય.
૧૦. વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિ તેમજ વિવિધ વિષયોના વિભાગના વડાઓ વચ્ચે યોગ્ય સહયોગ સ્થાપી યોગ્ય કાર્યક્રમોનું આયોજન કરવું કે જેથી ગ્રંથાલયનો યોગ્ય ઉપયોગ અને વિકાસ થાય.

**વિશ્વવિદ્યાલય ગ્રંથપાલ માહિતી અને જ્ઞાન માટે એક શક્તિશાળી સંસાધન :**

ગ્રંથાલય અને માહિતી કેન્દ્રનાં પ્રત્યક્ષ અને પરોક્ષ એમ ઉભયપક્ષના કાર્યમાં ગ્રંથપાલ સીધે સીધો જ સંકળાયેલ હોય છે. તે વિવિધ પ્રકારના ઉપયોગકર્તાને વિવિધ માહિતી સામગ્રી પૂરી પાડી સંતોષ આપી શકે છે. જો UGCની Library Committeeનાં સંદર્ભમાં University Librarian top most એટલે કે Professional Seniorની કક્ષામાં આવે છે, કે જે Library Scienceમાં Master Degree ૫૫% તેમજ ૧૩ વર્ષ Deputy Librarian કે ૧૮ વર્ષ College Librarian તેમજ વિવિધ પ્રકાશનો ધરાવતો હોય છે. જોકે M.Phil કે Ph.Dની પદવી પણ ધરાવતો હોય છે. તેમજ ૩૭૪૦૦ – ૬૭૦૦૦ with ૧૦૦૦૦ AGP નો Pay Scale ધરાવતો હોય છે. આ પ્રતિભા સંપન્ન વ્યક્તિ ખરેખર માહિતી અને જ્ઞાનના શક્તિશાળી સંસાધન તરીકે કાર્ય કરવા યોગ્ય પણ હોય છે. આ વિશ્વવિદ્યાલય ગ્રંથાલયના ગ્રંથપાલે જે કાર્યો કરવાના હોય છે તેમાં

**૧. વહિવટી કાર્યો :**

આ કાર્યોમાં ગ્રંથપાલે Expert Administrative Manager કે Controllerની Duty નિભાવવાની હોય છે. અહી મુખ્યત્વે Book Selection, Serial Selection, Staff Selection, Stock Verification, Budget, Annual Reprot તૈયાર કરવાનું કાર્ય કરવાનું હોય છે.

**૨. તકનીકી કાર્યો :**

ગ્રંથાલયના House Keepingનાં કાર્યો ઉપરાંત ગ્રંથાલય શાસ્ત્રના પાંચ સૂત્રોની પૂર્તિ, ગ્રંથાલયના દરેક વિભાગોની સેવાઓ સરળ અને સુલભ બનાવવી, ગ્રંથાલયની સાધન સામગ્રી અને સંસાધનોનો અસરકારક તેમજ કાર્યક્ષમ ઉપયોગ થાય તે બાબત ધ્યાનમાં લેવામાં આવે છે.

**૩. શૈક્ષણિક સેવા સંબંધી કાર્યો :**

ખાસ કરીને ઉપયોગકર્તાને આપવામાં આવતી વિવિધ સેવાનો આ કાર્ય તરીકે સમાવેશ થાય છે. જેમાં સંદર્ભ સેવાઓ, વિતરણ સેવાઓ, ઝેરોક્ષ અને પ્રતિલિપિ સેવા, અનુવાદ સેવા, બીબ્લીયોગ્રાફી સેવા, સાર સંક્ષેપ સેવાનો ઉપયોગ કરી ઉપયોગકર્તાની જરૂરિયાત પૂર્ણ કરવાનું કાર્ય કરવામાં આવે છે.

**૪. વિસ્તરણ સેવા સંબંધી કાર્યો :**

ગ્રંથાલયની વાંચન સામગ્રી વધુને વધુ ઉપયોગલક્ષી બની રહે અને તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય એ પ્રમાણેનાં કાર્યો જેવા કે વિભાગીય ગ્રંથાલય, આંતર ગ્રંથાલય લોન, પુસ્તક પ્રદર્શન, વિવિધ હરીફાઈ જેમ કે નિબંધ, વકતૃત્વ સ્પર્ધા, સેમીનાર વગેરે જેવી સેવાઓ પૂરી પાડવાનું કાર્ય કરવાનું હોય છે.

૫. **ઉપયોગકર્તા / વાંચક સેવા સંબંધી કાર્ય :**

આ પ્રકારના કાર્યમાં ગ્રંથપાલે એક શિક્ષક કે માર્ગદર્શક તરીકેનું કાર્ય કરવાનું હોય છે. જરૂરી માર્ગદર્શન ઉપરાંત વ્યક્તિગત સહાય અને વિશાળ વાંચક વર્ગ જ્યારે ગ્રંથાલયમાં ઉપલબ્ધ હોય ત્યારે ગ્રંથાલય અને ગ્રંથાલય સેવાઓનો પરિચય આપવાનો હોય છે અને ઉપયોગકર્તાને ગ્રંથાલય કેન્દ્રી બનાવવાના હોય છે. આમ સાચા અર્થમાં પથદર્શક તરીકે કાર્ય કરવાનું હોય છે.

સમાજમાં ગ્રંથપાલનું સ્થાન ખૂબજ અગત્યનું છે. ગ્રંથાલયના સફળ સંચાલન તેમજ માહિતી અને જ્ઞાન માટે એક શક્તિશાળી સંસાધનના રૂપમાં તેનામાં સામાન્ય સમજ, વિવેક, સૌજન્ય, ઉત્સાહ, પ્રતિભા, મૌલિકતા, આત્મવિશ્વાસ, વ્યવહારૂ, વ્યવસાયિક લાયકાત અને જવાબદારી ઉપરાંત ઉપયોગકર્તાલક્ષી અનેક ગુણ ધરાવતો હોવો જોઈએ કે જેથી સાચા અર્થમાં તેની જવાબદારી નિભાવી શકે.

**સમીક્ષા :**

વિશ્વવિદ્યાલય એ માહિતી અને જ્ઞાન મેળવવા માટે એટલે કે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે જીવાદોરી સમાન છે. વિશ્વવિદ્યાલય ગ્રંથાલય વિશ્વવિદ્યાલય માટે કરોડરજ્જુ સમાન છે. કારણ કે કોઈ પણ વિશ્વવિદ્યાલયની પ્રતિષ્ઠા ગ્રંથાલય દ્વારા જ માપી શકાય છે. જે માટે ગ્રંથાલયોએ એક પૂરક સંસ્થાના રૂપમાં કાર્ય કરવાનું હોય છે. જો કે તે માટે ગ્રંથાલયનાં ગ્રંથપાલે અથાગ પ્રયત્ન, પરિશ્રમ અને પ્રોત્સાહકના રૂપમાં કામ કરવાનું હોય છે. કારણ કે તે હરતા ફરતા Infromation Stall હોય છે. અને ગ્રંથાલયના દરેક વિભાગને જીવંત રાખવાનું કાર્ય સરળતાથી કરી શકે છે. ઉપરાંત વર્તમાન સમય માહિતી ટેક્નોલોજીનો હોય વિશ્વવિદ્યાલય – વિશ્વવિદ્યાલય ગ્રંથાલય એ ટેક્નોલોજીના સાધનોનો ઉપયોગ કરવો જ રહ્યો તેમજ વિશ્વવિદ્યાલય ગ્રંથપાલે પરંપરાગત ગ્રંથાલય ન ચલાવતા Digital Libraryનું સ્વરૂપ આપવું જ રહ્યું તેમજ તે માટે પોતે પણ લાયકાત અને અનુભવ ધરાવતો હોય તે આવશ્યક છે. આમ માત્ર આંગળીના ટેરવે દરેક માહિતી અને સેવાઓ મુઠ્ઠીમાંનાં સુત્ર સાથે માહિતી અને જ્ઞાનના એક શક્તિશાળી સંસાધન તરીકે કાર્ય કરવું જ રહ્યું અને ઉપયોગકર્તાને માહિતી સંતોષ પૂરો પાડવો જ રહ્યો.

**સંદર્ભો :**


1. Singh, Gurdev (2015). Academic Library System and Services. New Delhi: Ess Ess publications.
2. Verma, Shiv Ram (2005). Academic Library System. New Delhi: Shree Publishers & Distributros.
3. Paithankar, Rajiv R. (2012). Academic Libraries in modern era. Jaipur: ABD Publishers.
4. Sood, S.P. and Sharma, C.L. Ed (1991). Outstanding studies in University Librarianship. Jaipur: RBSA Publishers.
5. Lal, C. and Kumar, K. (2004). Shaikshnik Granthalay. New Delhi: Ess Ess Publications.
6. Wikipedia (N.D), Library Retrieved from http://en.wikipedia.org/wiki/library
7. Wikipedia (N.D), University Librarian Retrieved from https://www.payscale.com/research/IN/Job=Librarian/Salary
8. Wikipedia (N.D), Role of University Library Retrieved from http://mhrd.gov.in/university-and-higher-education
9. Wikipedia (N.D), Higher Education Retrieved from https://en.wikipedia.org/wiki/Higher_education_in_India
10. http://epgp.inflibnet.ac.in/ahl.php?csrno=21



(Assistant Professor, PG Department of Library & Infromation Science, Sardar Patel University Vallabh Vidyanagar, Dist: Anand Gujarat, PIN: 388120, Phone: 02692 226880, Cell: +91 99243 37391)


**હોમસાયન્સ હાયર સેકન્ડરીનો ૪૧ વાર્ષિક રમતોત્સવ**

ચારુતર વિદ્યામંડળ વલ્લભવિદ્યાનગર સંચાલિત હોમસાયન્સ હાયર સેકન્ડરીનો ૪૧ વાર્ષિક રમતોત્સવ તા.૭-૮-૧૨/૨૦૧૮ ના રોજ યોજવામાં આવ્યો. જેમાં ચા.વિ.મંડળના સહમંત્રી શ્રી એન્જિ.ખોડાભાઇ પટેલ અધ્યક્ષસ્થાને બિરાજયા હતા. તેમણે વિદ્યાર્થિનીઓને વધુ વિદ્યાઅભ્યાસ કરી શારીરિક સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવી જીવનમાં આગળ વધો એવી શુભેચ્છાઓ પાઠવી હતી. અને ૪૧ મો રમતોત્સવ ખુલ્લો મૂકયો હતો.

# Digital Valuation System for Answer sheet Evaluation - A case Study.

(Paresh R. Modha)

**Abstract:** In this Article, author has discussed how the Digital Valuation system can be implemented for Assessment of student's answer sheets. The major key features, advantages and disadvantages are presented in this article.

**Keywords:** Examination management system, Digital Valuation System, Education, E-learning, Evaluator.

## I. INTRODUCTION

Since last hundreds of years, Teachers are used to evaluate the answer sheets of students by hands and doing offline evaluation of students. During the offline evaluation, the teachers have to checked answers and forward the marks on the top of Answer sheet. After that, they have to make addition of Marks given to Main question and Sub questions. There may be a chance, for a mistake in total marks obtained by students. This Digital Valuation system (DVS) is a new method of Answer sheet evaluation. The evaluation of answer sheets can be done in a secured environment by digitalizing the answer sheets first and then enabling the evaluation through proprietary software application. For doing Evaluation, the faculty has to install, the basic software in their PC or Laptop.

The process life cycle includes automated dummy number allocation (coding of answer copies), digitalizing the answer sheets, online evaluation and marks entry by the faculty, options for accessing answer keys and also moderation and report generation by the controller of Examination.

The evaluated answer sheets are then stored in a central repository. This will further enables online viewing of scanned answer copies to the students by paying nominal fee. The system can be developed to enhance transparency, accountability, reliability and efficiency in the whole evaluation process.

## II. Key Features and advantages

**(a) Secured Evaluation process:**

By this evaluation process, the tempering of answer sheets can be reduced and secured evaluation can be done. Examiners can only evaluate the answer sheets with credentials. Unauthorized persons cannot access the answer sheets.

**(b) Masking student's identity:**

In the physical evaluation, sometimes the barcode stickers and/or brown stickers might not stick and student's identity may be visible. In the digital evaluation, this problem will be rectified and evaluator (faculty) can't see the student's identity and unbiased evaluation can be done.

**(c) Answer sheets retention for longer period:**

Generally, after 3 months of declaration of result, the examination body or university used to destroy them. Here, in this method, the retention ratio will be more and keep them for longer duration.

**(d) No loss of Answer sheets due to accidents:**

Sometimes, due to natural calamities or ageing or due to fire accidents, there may be a chance that answer sheets may be damaged or lost. By DVS system, this problem can also be rectified.

**(e) Simultaneous Evaluation of one answer sheet by Multiple Evaluators:**

Now days, it is necessary that, two or more examiners should evaluate the answer sheet of student. It may be possible that evaluation can be done by sections of Answer sheet or question wise. By DVS it can be done effectively that is one answer sheet can be evaluated by multiple Examiners and better evaluation can be done.

**(f) No chance of inaccuracies in evaluated answer and totaling of marks:**

Digital evaluation process makes the accurate addition and totaling can be done accurately.

**(g) Easier re-evaluation process:**

In the physical evaluation process, it is sometimes difficult to do re-assessment of answer sheet because masking is to be done in every page of answer sheet and new pen with different color is to be use for checking. DVS system can also helpful in re-assessment and it becomes very easy for examiner to do the evaluation as he is doing first time evaluation.

**(h) Easy tracking of Evaluation process:**

This feature can help to Controller of Examiner or Head of Department and Principal of

the Institute to track the work done by faculty. He/she can easily check the work done by faculty members.

**(i) Processing of payment claims:**

This feature belongs to the evaluator faculty who is paid by Examination body for doing assessment work in timely manner. The process of payment can be tracked and done by different mode of payment. It is also possible for the examination body to check, how many evaluator has complete the assigned work on time.

**III. Disadvantages of DVS**

**(a) High speed internet requirement:**

For DVS software, the high speed and high bandwidth internet is required. It is necessary and special software have to be installed in PC or laptop with latest updates.

**(b) Difficulty in Rural Area:**

In some rural areas, the internet or wi-fi is not available; it is not possible to do e-assessment work.

**(c) Software and hardware requirement:**

High configured PC and software are needed in order to do the evaluation work. Each answer sheet is given a bar code and have to be scanned by high-speed high-resolution machines that can scan up to hundreds of sheets per hour. The scanned copies are then to be unloaded on to server. The authorized evaluator will log in to the system using the user name and password assigned to him/her.

**(d) Requirement of Comfort area where assessment is done.**

It is the basic need of assessment, else the faculty members may not read the answers fully and sometimes partially wrong evaluation may be done.

**(e) Training of Faculty is to be done:**

It is not possible that every faculty will learn the system themselves. The examination body has to arrange the training or workshops during the starting period of establishment and provide user guide for the same.

**CONCLUSION**

In this article, it is briefly discussed about the previous scenario of examination system and given the advantages and disadvantages of Digital Valuation system. Some Universities have already established this initiative. Although there are some disadvantages of the system but with the time, this may becomes necessary for the examination. To make examination system more reliable, transparent and accountable 'Digital Valuation System' (DVS) a good initiative.

(Assistant Professor, Department of Elect. Engg,
ADIT, New Vidyanagar, India.
ee.paresh@adit.ac.in)

❄

**જીસેટ કોલેજના કેમિકલ વિભાગને ભારત સરકાર દ્વારા મળેલ મોટી રીસર્ચ ગ્રાન્ટ**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત જી.એચ.પટેલ કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી (જીસેટ) વલ્લભ વિદ્યાનગરની કોલેજને તાજેતરમાં ભારત સરકારના વિજ્ઞાન અને તકનીકી સંશોધન મંત્રાલય તરફ થી સંસ્થાના કેમિકલ એન્જીનિયરીંગ વિભાગને સંશોધન પ્રોજેક્ટ અંતર્ગત રૂ.૯૮.૩૨ લાખની મોટી ગ્રાન્ટ મળેલ છે. સંશોધન ના મુખ્ય વિષય તરીકે ગાંડા બાવળ માંથી પેપર બનાવવાની પ્રક્રિયામાંથી મળતા બ્લેક લીકર માંથી સોડીયમ લીગ્નોસલ્ફોનેટ નામનું રસાયણ બનાવવાનો છે, આ રસાયણ સિરામિક ઉદ્યોગમાં બાઈન્ડર તરીકે વપરાય છે. હાલમાં આ કેમિકલ ભારત દેશમાં સાઉથ આફ્રિકા અને ચીનથી આયાત કરવામાં આવે છે.

---

**ગો.જો. શારદામંદિરમાં કો-ઓપરેટીવ લર્નીંગ અંગેના વર્કશોપનું આયોજન**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદા મંદિરમાં તા-૧૯/૧૧/૧૮ ના રોજ આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા કો.ઓપરેટીવ લર્નીંગ (જૂથ કાર્ય) અંગેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ તરીકે વે.મેડ એજયુકેશન કોલેજના આચાર્યા ડૉ.દિપાલી ગાંધીએ સેવાઓ આપી હતી. ડૉ.દિપાલી ગાંધીએ કો.ઓપરેટીવ લર્નીંગની જુદી પદ્ધતિઓ જેવી કે (૧) નંબર હેડસ ટુ ગેધર (૨) જીકસો (૩) કોન્સેપ્ટ મેપની જાણકારી આપી. જૂથ કાર્યમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનો રોલ કેવો હોઈ શકે તેની સમજણ પ્રત્યક્ષ અનુભવ દ્વારા પૂરી પાડી. ધો. ૧૦ ની વિદ્યાર્થિની બહેનોએ ખૂબ જ ઉત્સાહથી વર્કશોપમાં પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો.

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત સિકાર્ટ સંશોધન કેન્દ્રમાં વસાવાયું અદ્યતન તેમજ આધુનિક એક્ષરે મશીન

ચારુતર વિદ્યામંડળના સંચાલન અન્વયે કાર્ય કરતી સિકાર્ટ સંસ્થામાં વિવિધ સંશોધન કરવા માટે તાજેતરમાં સોફીસ્ટીકેટેડ પાઉડર એક્સ આર.ડી. ઇન્સ્ટ્રુમેન્ટ (એક્ષરે મશીન) ડી-૮ એડવાન્સ મોડેલ વસાવવામાં આવેલ છે. આ દરેક પ્રકારના સંશોધન હેતુઓ માટેનું ડી૮ એક્ષરે ડીફ્રેક્ટોમીટર જર્મનીની બ્રુકર કંપની પાસેથી ખરીદવામાં આવેલ છે જે માટેનું તમામ અનુદાન ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. આ સાધનની પ્રસ્થાપન કાર્યપ્રણાલી પૂરી થયા બાદ બ્રુકર કંપનીના ઇજનેરની ઉપસ્થિતિતમાં ચારુતર વિદ્યામંડળ અધ્યક્ષશ્રી ભીખુભાઇ બી. પટેલે તેમના વરદ હસ્તે કાર્યાન્વિત કરીને ઉપયોગાર્થે ઉદ્‌ઘાટન કરેલ છે. ઉપરોક્ત સાધન વિશે તેમજ તેની ઉપયોગિતા વિશે વિસ્તૃત માહિતી વેબસાઇટ www.sicart.res.in ઉપર અથવા સંસ્થાના માનદ્ નિયામક પાસેથી મેળવી શકાશે.

## Summer Innovation Challenge 2018 award received by GCET College, VallabhVidyanagar.

Higher and Technical Education department, Government of Gujarat organised prize distribution for "Summer Innovation Challenge 2018" and "Students Startup Awards 2018" at Gujarat University Convention and Exhibition center, Ahmedabad on 10th September, 2018. The innovation challenge was focussed on water related challenges. Overall 178 teams participated and out of these 16 teams were selected in various categories. Students innovation was awarded in following categories (1) Product Innovation (2) Process Innovation (3) Institutional Innovation (4) Community Innovation (5) Children Creativity.Civil Engineering students namely, BhavsarYashAnilkumar, Patel Dhruv Bhadreshkumar, Jariwala Devang Nareshbhai, Thakor Vedantkumar Babubhai and Pitroda Jalpesh Rajeshbhai (First pass out batch of 2014-18) received first rank in "Institute Innovation" category of summer Innovation challenge 2018. The team received memento, certificate and cash prize of Rs. 50,000/-.The tiltle of the project was "Rooftop Rainwater Harvesting: Case study of GCET". The award was presented by ShriVijaybhaiRupani, Hon. ChiefMinister of Gujarat. Dr. HimanshuSoni, Principal and Dr. KhadeejaPriyan, HOD GCET heartily congratulated the students. The project was guided by Dr. SnehalPopli and supported by Prof. RatanPanchal of Civil Engineering dept.

## પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓ

ગુજરાત ઇકોલોજીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (ગીર) ફાઉન્ડેશન, ગુજરાત સરકાર દ્વારા તા.૫/૧૨/૧૮ થી તા. ૯/૧૨/૧૮ દરમ્યાન ત્રિદિવસીય ''પ્રકૃતિ શિક્ષણ શિબિર''નું આયોજન કરવામાં આવ્યું. શાળામાં ચાલતી ઇકો કલબ થકી શાળાનો વિદ્યાર્થી શ્રેયાંશ પટેલ આણંદ જિલ્લાના ઇકો એમ્બેસેડર તરીકે પસંદગી પામેલ, જે થકી શાળાને આ શિબિરમાં હાજરી આપવા તક મળી હતી.

શાળાના ઇકો કલબના કન્વીનર શ્રી ભાસ્કરભાઇના એ.પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના ૪૬ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ આ શિબિરનો લાભ લીધો. ત્રિ-દિવસીય આ શિબિર અરણ્ય ઉદ્યાન, ગાંધીનગર, પોલો ફોરેસ્ટ, વીરાંજલી વન તથા ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. રાત્રિ રોકાણ સહિતની ત્રિદિવસીય શિબિરમાં નિવૃત જિલ્લા વન અધિકારી શ્રી કે.એ.રાઠોડ તથા શ્રી.બી.એન.પટેલ સાહેબે પોતાના અનુભવ અને જ્ઞાનની વહેંચણી વિદ્યાર્થીઓમાં કરી હતી.

ભારત સરકારના નેશનલ ગ્રીન કૉર્પ્સ (NGC) કાર્યક્રમ હેઠળ નેશનલ નેચર કેમ્પીંગ પ્રોગ્રામ અંતર્ગત યોજાયેલ ખાસ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં પર્યાવરણનું સંરક્ષણ તેમજ સંવર્ધન જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા. જૈવિક વિવિધતાની વચ્ચે વિવિધ વૃક્ષો, ઔષધીય છોડ, પ્રકૃતિમાં લુપ્ત થતી જતી જૈવિકતા વગેરે વિશે જ્ઞાન તથા મહિતી મેળવી, તેના ઉપયોગ અને જાળવણી વિશે જાણકારી મેળવી. ઔષધીય વનસ્પતિ બહેળા, આવળ, સફેદ મૂશળી, ગોખરૂ, ગળો, ગરમાળો, આંબળો, ચણોઠી, સર્પગંધા, શતાવરી વગેરેને ઓળખી જાણીને ઉપયોગ વિશે માહિતી મેળવી. લુપ્ત થવા જઇ રહેલ ગીધ, કલકલીયો, ગરૂડ વગેરે પક્ષીઓની ઓળખ તથા માહિતી મેળવી હતી.

શાળાના આચાર્યશ્રી ડૉ.મહેશ સ્ટેલીન ખ્રિસ્તી વિદ્યાર્થીઓને 'વૃક્ષ એ જ જીવન' એ સંદેશો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું છે. અને ઇકો કલબની આ કામગીરીને બિરદાવી છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત સિકાર્ટ સંશોધન કેન્દ્ર ખાતે અદ્યતન તેમજ આધુનિક એક્સ-રે ડીફેક્ટોમીટર મશીન (પાઉડર XRD ઈન્સ્ટ્રુમેન્ટ ડી-૮ એડવાન્સ મોડેલ, બ્રુકર કંપની જર્મની) સંશોધન ઉપયોગાર્થે કાર્યાન્વિત કરવાના પ્રસંગે લેવાયેલ તસવીરમાં સીવીએમના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ બી. પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરી તથા સંસ્થાના ડાયરેક્ટરશ્રી ડૉ.એ.આર. જાની દશ્યમાન થાય છે.



ચારુતર વિદ્યામંડળ સંચાલિત જી.એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીને ભારત સરકારના વિજ્ઞાન અને તકનીકી સંશોધન મંત્રાલય તરફથી સંસ્થાના  કેમિકલ એન્જિનિયરીંગ વિભાગને રૂ. ૯૮.૩૨ લાખની સંશોધનગ્રાન્ટ મળેલ છે. સંસ્થાની આ સિદ્ધિ બદલ પ્રોજેક્ટના મુખ્ય સંશોધકો ડૉ. કૌશીક નાથ, ડૉ. સુરેશ પાંચાણી, સહાયક સંશોધક ડૉ. તેજલ પટેલ અને ડૉ. કે.કે. તિવારીને અભિનંદન પાઠવતા સીવીએમના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ બી. પટેલ દશ્યમાન થાય છે.

V-Vidyanagar 21 (1) January 2019
Published on Saturday, 05.01.2019
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month





ચિત્રકારઃ કનુ પટેલ

સાગ ઉપર કાગ બેઠો
રથે બેઠાં રાણી
બંદા બેઠા માચીએ
દુનિયા ડહોળે પાણી

- દલપતરામ
(૨૧-૦૧-૧૮૨૦ થી ૨૫-૦૩-૧૮૯૮)

Type Setting ASF Computers - 80002 74250

Editor: Dr. Urvish Chhaya
Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)